યુવક પ્રતિનિધિઓનું સંમેલન.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

તંત્રીઃ રતિલાલ ચીમનલાલ કોઠારી. સહતંત્રીઃ કેશવલાલ મંગળચંદ શાહ. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | વર્ષ ૨ જું, અંક ૪૩-૪૪ મો. શનીવાર, તા૦ ૨-૯-૩૩.

## સમાજ વેદી પર.

સમાજની વેદિ પર આપણે ખૂબ ભારે બલિદાન દેવાનાં છે; યુવકો જે વસ્તુ ઇચ્છે છે તે સમાજની વેદિ પર કોઇને કોઇ પ્રકારનું બલિદાન દીધા વિના અશક્યજ રહેશે. સમાજ જે રૂઢ અને બંધનમાં જકડાયો છે તેને તેનાં બંધનોમાંથી મુક્તિ આપવાનું કાર્ય સરળ નથી, તેમજ તે તાત્કાલિક બની જાય તેમ પણ નથી આપણે એમ માનીએ કે કોઇ યુગપ્રધાન કે દેવ આવીને આપણો ઉદ્ધાર કરશે તો તે પણ શક્ય નથી; કારણ કે યુગપ્રધાન કે દેવ આવી પોતાનું કાર્ય કરી શકે તે માટે જમીન સાફ કરવીજ જોઇએ. અને તે કામ આજના યુવકોનુંજ છે.

ભવિષ્યનો યુગ પ્રધાન કેવો હશે તેની તુલના જુના કાળના યુગપ્રધાન સાથે કરશો તો ભૂલજ ખાશો. જે વખતે સાધન સામગ્રીનો અભાવ હોય; જે વખતે વ્યવહારનાં સાધનો સુલભ ન હોય તે કાળે તો માત્ર સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના જાણકાર જરૂર યુગપ્રધાન બની શકે. અને સમાજને દોરી શકે; પણ આજના યુગમાં જ્યારે ગુજરાતી ભાષામાં, અંગ્રેજી ભાષામાં, જર્મન ભાષામાં, જૈન સાહિત્યના જેવા વિચારોની છણાવટ થતી રહી હોય ત્યારે તે તે ભાષાના જ્ઞાન વિના યુગપ્રધાન પદ શી રીતે મળે. નવા યુગના યુગ પ્રધાનને માત્ર સંસ્કૃત, પ્રાકૃતભાષા જાણવી તે પૂરતી નહિ હોય; તે ઉપરાંત ગુજરાતી ભાષા તો તેણે ઘોળીને પી જવીજ પડશે અને સમજવા પૂરતી અંગ્રેજી અને જર્મન ભાષા તેણે શીખવીજ પડવાની છે. આમ ભાષાના વિસ્તૃત જ્ઞાનથી તે શ્રુતસંપન્ન થાય તોજ તે સાધુ સંઘ અને ગૃહસ્થ સંઘ પર પોતાની તેજસ્વિતાની, પ્રભાની, ઓજસની છાપ પાડી શકે; તેની પ્રભાવના તે કાંઇ પતાસા, લાડુ, બદામ, કે શ્રીફળદ્વારા તે નહિ કરે, તે તો પ્રજા સન્મુખ જ્ઞાનના અનેક કિરણો ફેંકશે, અનેક ચિનગારીઓ વેરશે; જ્ઞાનના સમુદ્ર સમાન અનેક ગંભીર ગ્રંથરત્નો રચશે અને તે ગ્રંથ રત્નો સામાન્ય કોટીના નહિ, પરંતુ પ્રમાણભૂત બને તે પ્રકારે તેની રચના કરશે. આટલું જે વ્યક્તિમાં દેખાય તે વ્યક્તિ આપણા સમાજમાં યુગપ્રધાન છે એમ ચોક્કસ માનવાનું છે. ભાવિ યુગપ્રધાનનું આ આછું સ્વરૂપ છે; તે યુગપ્રધાને ઓળખવાનું આ એક માપ છે.

આવો યુગપ્રધાન સમાજમાં ઉત્પન્ન થાય, સમાજને તેની છિન્ન ભિન્ન સ્થિતિમાંથી તે તારે એ બધું તે કરી શકે તે માટે ભૂમિકા તૈયાર જોઇએજ. તે ભૂમિકા તૈયાર કરવાની ફરજ આપણા માથેજ રહેલી છે. યુગપ્રધાન જે થશે તે આપણામાંથીજ ઉત્પન્ન થશે; એટલે સમાજમાં નીતિ, પ્રમાણિકતા, સત્ય પ્રતિ પ્રેમ આદિ ઉચ્ચ હોવાં જોઇએ; સમાજમાંથી દંભ, છેતરપીંડી, આદિ અનેક કાળિમાઓ નીકળી જવી જોઇએ. સમાજમાં આટલું જ્યાં સુધી ન થાય ત્યાં સુધી યુગપ્રધાનના માત્ર આપણે સ્વપ્ન સેવવાનાંજ રહ્યાં. આ ઉપરાંત તેને તૈયાર થવા માટે બાહ્ય સાધનોની જરૂર પણ છે અને તે સમાજ સેવાની ભાવના અને તે ભાવના સિદ્ધ કરવા અર્થે સ્વાર્પણ; આ ઉપરાંત તેની તાલીમ માટે તેવું પુસ્તકાલય, વાંચનાલય અને સંગ્રહસ્થાન આ સર્વનો જોગ બને ત્યારે પણ તેનો ઉપયોગ કઇ દ્રષ્ટિથી કરવો, પોતાનો અનુભવ પ્રજા સન્મુખ કેવી રીતે રજૂ કરવો, પોતાનાં ચિંતનનાં પરિણામો જનસમૂહને કેવી રીતે પાવાં, આ બધી કળા તે હસ્તસિદ્ધ કરે તેવાં તેને ગુરૂ કે ગુરૂઓ મળવા જોઇએ.

આજની પરિસ્થિતિનો વિચાર કરીએ તો આપણા સમાજમાં ઉપરોક્ત સગવડો છે ખરી? ન હોય તે માટે પ્રયત્નો થાય છે ખરા? સમાજમાં તેમ ન હોય તો સમાજ બહાર આવું વાતાવરણ છે? આ બધાથી આપણને યુગપ્રધાનના આગમન શક્ય છે કે અશક્ય તે તોલી શકાય. ઉપરની વસ્તુસ્થિતિ પરથી એટલુંજ જણાય છે કે આવાં કેટલાંક સાધનો સમાજમાં છે, સમાજ બહાર પણ છે, કેટલાંક સાધનો તૈયાર નથી તે તૈયાર થવાની અણી પર પણ છે. આમ ભૂમિકા તૈયાર થઈ રહી છે. આવી ભૂમિકા તૈયાર કરવામાં યુવકોનું સ્થાન ક્યાં છે?

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)



# પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૨-૯-૩૩.


## યુવક પ્રતિનિધિઓનું સંમેલન.

જ્યારે સામાજીક પરિસ્થિતિ દિન પ્રતિદિન બગડતી જતી હોય, જુનવાણી અને નૂતનયુગનાં આદોલનો વચ્ચે સંઘર્ષણ ચાલતું હોય, જુદી જુદી વિચારસરણીમાં સમાજ વિભક્ત થઇ પોતાની નિરર્થક શક્તિ વેડફી રહ્યો હોય અને સમસ્ત સમાજ એક છેડાથી લઇ બીજા છેડા સુધી અશાંતિની આગમાં સળગતો હોય ત્યારે સ્વાભાવિક યુવકો ઉપર આશાની મીટ મંડાય એ અવાસ્તવિક નથી.

સમસ્ત વિશ્વમાં દૃષ્ટિ નાંખવામાં આવે તો જણાશે કે દરેક ક્ષેત્રોમાં આજે યુવક શક્તિજ કાર્ય કરી રહી છે. જે ક્ષેત્રોમાં નવલોહી નથી એ ક્ષેત્રોના નાશની નોબત વાગી રહી છે. શા માટે જૈન સમાજ પોતાના નવલોહીયા સંતાનોને એકત્રિત થવાની હાકલ ન કરે? વૃદ્ધ અને પીઢ શક્તિ પૂરા અજિત થઇ છે, આગમ અને શાસ્ત્રોના વમળમાં અટવાઇ એ શક્તિ નિરર્થક અત્યાર આગમમય સાબીત થઇ ચુકી છે. હવેથી સમાજની લગામ નવલોહિયાં યુવાનોના હાથમાં આવે છે. સમાધાનીના અનેક પ્રયત્નો થઇ ચૂકયા, વૃદ્ધો અને મુત્સદ્દીઓએ યુવાનોને હલકા પાડવામાં કશી કમાશ રાખી નથી, છતાં સમાજ એ જાળમાં ફસાયો નથી, સમાધાન કોની સાથે કરવાનું છે એ પ્રતિસ્પર્ધિ સમાજના આપ મેળે બની બેઠેલા માંધાતાઓને સાંપડતો નથી છતાં અશાંતિ ચાલુજ છે એટલુંજ નહિ પણ એ અશાંતિ જેમ જેમ સમય વ્યતીત થતો જાય છે તેમ તેમ વ્યાપક સ્વરૂપ પકડતી જાય છે. આ બાબતજ જણાવી આપે છે કે યુવકોએ હવે એકત્રિત થવાની જરૂર છે. અને મજબૂત સંગઠ્ઠન સાધી સમાજની પ્રગતિમાં કઇ વસ્તુ રોધક છે તે વસ્તુ શોધી તેને પહેલી તકે દુર કરવાની જરૂર છે.

સમાજની હાલની પરિસ્થિતિ માટે કોણ જવાબદાર છે, એ વસ્તુ છણ્યા પહેલાં આપણે એ ટાળવાને માટે કેટલો ફાળો આપી શકીએ, અથવા સમાજની ઉન્નતિ કઇ રીતે સાધી શકીએ, એ વિચારવાની પહેલી ફરજ છે, અને એ આપણે ત્યારેજ વિચારી શકીએ કે જ્યારે આપણે આપસમાં વિચારોની આપલે કરી કોઇપણ રાહ નક્કી કરીએ. આમ વિભિન્ન યુવક શક્તિને એકત્રિત થવાની અનિવાર્ય આવશ્યકતા છે. આ ભૂમિકા ઉપરજ મુંબઇ જૈન યુવક સંઘે વડોદરા મુકામે યુવકોને એકત્રિત કરવાનું આમંત્રણ કર્યું છે. કોઇપણ બાબત નક્કી કર્યા સિવાય આમાં કેવળ યુવકોને એકત્રિત કરવાનો પવિત્ર ઉદ્દેશ રખાયો છે. પછી હાલની પરિસ્થિતિનો વિચાર કરી એ ચાહે તે રૂપરેખા નક્કી કરે. તેના માટે મુંબઇ જૈન યુવક સંઘ જવાબદાર નથી. પ્રમુખપણ અગાઉથી નક્કી કરવામાં આવેલ નથી. ત્યાં જે જે પ્રતિનિધિઓ આવશે તેમાંથી જ પ્રમુખ ચુંટી કઢાશે. આમ ટૂંકા ખર્ચમાં કશી ધામધૂમ સિવાય આજે સાંજના યુવક સંમેલન ભરાશે, તે પ્રસંગનો લાભ લેવાને અમે યુવકોને મજબુત ભલામણ કરીએ છીએ.

આ સંમેલનમાં એમ કોઇ ન સમજે કે જેમ આપણી કોન્ફરન્સો, યુવક પરિષદો, કે સોસાયટીઓ ત્રણ દહાડાનો જલસો કરી ઠરાવોની મોટી હારમાળા રચી વિખરાઇ જતી. એવું તો આપણે ઘણી વખત કર્યું, એથી સમાજની કશી પ્રગતિ થઇ નથી. એટલે આ સંમેલનમાં કોઇ ખાસ ઠરાવોની હારમાળાની આશા ન રાખે. ઠરાવો પાસ કરાવવામાં, શબ્દોની મારામારીમાં અને મમત્વથી આપણે અત્યાર સુધી કશું કરી શકયા નથી, એટલે નિરર્થક સમયની બરબાદી ન થાય, અને કંઇક રચનાત્મક કાર્યક્રમ અસ્તિત્વમાં આવે, તે તરફ પ્રતિનિધિઓનું અમે ધ્યાન ખેંચવાની રજા લઇએ છીએ. જ્યાં સુધી બને ત્યાં સુધી દરેક સભ્યો એકમત બને એ ઇચ્છવા યોગ્ય છે.

સંગઠ્ઠન સિવાય આપણી કંઇ પ્રગતિ નથી. કોઇપણ સમાજે, રાષ્ટ્રે કે દેશે સંગઠ્ઠન સિવાય પ્રગતિ સાધી નથી, જ્યાં જ્યાં ઉન્નતિના આપણને દર્શન થશે ત્યાં સંગઠ્ઠને મુખ્ય ભાગ ભજવ્યો હશે. દુનીઆના દરેક સમાજે, રાષ્ટ્રો અને ધર્મોએ સંગઠ્ઠન દ્વારાજ ઉન્નતિનો સાક્ષાત્કાર અનુભવ્યો છે. આપણે પણ આપણી ઉન્નતિ ઇચ્છતા હોઇએ, આપણું શ્રેય સાધવા માંગતા હોઇએ અને છૂટીછવાઇ વિભક્ત યુવક શક્તિનો સદુપયોગ કરવા માંગતાં હોઇએ તો સંગઠ્ઠન સાધવાની પહેલી જરૂર છે આપણું સંગઠ્ઠન કેમ મજબુત બને એ તરફજ આપણી બધી શક્તિઓને કેન્દ્રિત કરવી જોઇએ. વિચાર ભેદ તો દરેક સ્થળે હોય અને તે આવશ્યક છે. પરંતુ તેની પાછળ પ્રમાણિકતા જોઇએ. યુવકોને સિદ્ધાંતોમાં તો મતભેદ ન હોય, પણ એ સિદ્ધાંતોને અમલમાં કેમ મૂકવા, એમાંજ મતભેદ હોય. એ મતભેદ દુર કરવા માટેજ આપસમાં વિચારોની આપલે કરવાની જરૂર હોય છે. આટલી સૂચના કરી અમે ઇચ્છીએ છીએ કે યુવક સંમેલન સફળ નિવડો અને તે દ્વારા યુવક સંગઠ્ઠન સાધી સમાજની પર્યાપ્ત પ્રગતિ થાઓ!

હિન્દુ સંસ્કૃતિના પાટનગર વડોદરાના આંગણે
દેશકાળમાં માનનારા જુદા જુદા ગામના
યુવાનોના મંડળોના પ્રતિનિધિઓનું સંમેલન
શનિવાર તા. ૨-૯-૩૩ ની રાત્રે ૮॥ વાગે
અને
રવિવાર તા. ૩-૯-૩૩ ના બપોરે મળશે.
અતિથીઓનું સ્વાગત કરવાનું કામ વડોદરા જૈન યુવક
સંઘે ઉત્સાહ ભેર શરૂ કરી દીધું છે.
સિરોહી, જુન્નેર વગેરે દુરદુરના મળી ત્રીસેક
સંસ્થાઓના ૬૦ લગભગ પ્રતિનિધિઓના
નામો નોંધાઇ ચુકયા છે.

# વ્યાયામ અને બ્રહ્મચર્ય.

લેખક:—અમૃત ઝવેરી.

વ્યાયામ અને બ્રહ્મચર્યને નિકટનો સંબંધ છે. શુદ્ધ શરીર, બ્રહ્મચર્યનું સેવન કરે તો તેનું શરીર અતિ શક્તિવંત બને. બ્રહ્મચારી જો વ્યાયામ–પ્રિય બને, અડગ અને અસ્ખલીત બ્રહ્મચર્ય જાળવે. આ બે ઘટનાઓમાં રહેલું તાત્પર્ય આપણે તારવવાનું છે.

ઇસ્ટફુસ્ટ મલ્લો બ્રહ્મચર્યના ક્ષણીક ભંગથી શત્રુઓથી પરાજીત થયેલા આપણે સાંભળ્યા છે, દ્રષ્ટાંતઃ–એક મલ્લ પ્રતિસ્પર્ધિ રહીત હતો. સર્વે પ્રતિમલ્લોનો વિજેતા હતો; પણ માત્ર એક દિવસના બ્રહ્મચર્ય ભંગથી ગાડી ખેંચનાર બ્રહ્મચારી મજુરના હાથે મહાત થયો. બ્રહ્મચર્યનો મહિમા, પ્રભાવ અને તેજ માત્ર શરીરબળ પર છે, તેટલુંજ નહિ, પણ મનોબળ પર અદ્‌ભુત છે. મજબુત મનોબળથી વિજયની વરમાળા પહેરતો × × યુદ્ધ જે સમારે લડાયું, તેની આગલી રાત્રે બ્રહ્મચર્ય ખંડિત કરવાથી પરાભવ પામ્યો અને કારાગૃહવાસી બન્યો. બ્રહ્મચર્યનું સેવન મનસંયમનો રામબાણ ઉપાય છે.

બ્રહ્મચારીને વ્યાયામ જીવનશક્તિ છે. વ્યાયામ કેટલા પ્રકારના છે, કેવી જાતના બંધારણવાળાને કેવા વ્યાયામ કેટલા પ્રમાણમાં લેવા જોઇએ, તે તો કોઇ વ્યાયામશાસ્ત્રી સમજાવી શકે; પણ બ્રહ્મચર્ય વ્રત એટલે વીર્યરક્ષણ. વીર્ય એ શરીરનો રાજા છે. વીર્ય શરીરની દરેક શક્તિને દોરવે છે. વીર્ય શરીરના દરેક સંચાઓનું તેલ છે. વીર્ય જીવનદીપકની જ્યોત છે. વીર્ય સેનાપતિ એટલા માટે કહેવાય છે કે તેની પૂંઠે શરીરના સર્વ અવયવો સૈનિકો રૂપે કામ કરે છે. "નાયક વિના લશ્કર કુવામાં," તેમ વીર્યરૂપી સેનાધિપતિ વગર શરીરના દરેક અવયવો નિઃસહાય, પરવશ અને પરાધીન હોય છે. મહાન યોગીઓના યોગભંગનું કારણ વિશ્વમોહીનીનું એક કટાક્ષ બને છે. વિશ્વામિત્રના અનેક વર્ષોનું તપ મેનકાના એકજ દ્રષ્ટીપાતથી ગયું. આથી યોગી આસનથી ચ્યુત થયો. કારણકે શારિરીક સેનાપતિ વીર્ય સ્ખલીત થયું, આ વીર્યરૂપી સેનાધિપતિને જીવતા સંયમમાં રાખવા વ્યાયામ અંકુશની જરૂર છે. નિયમિત વ્યાયામથી વીર્ય મજબુત બને છે. પરીણામે જીરવી શકાય છે. અને બીજી ઉપયોગી પ્રવૃત્તિઓમાં દોરવી શકાય છે. બ્રહ્મચર્ય રક્ષા અને વ્યાયામની આટલે અંશે નિકટતા.

બ્રહ્મચર્ય રક્ષાના મુખ્ય ચાર ટેકા છે. તેમાંના એકના પણ અભાવે બ્રહ્મચર્ય પાલન દુષ્કર બને છે. પ્રથમ સાદો ખોરાક, 'આહાર તેવો ઓડકાર' તેમ ગરમ અને ભારે પદાર્થોના ખાવાથી ઇંદ્રિયો વધારે સબળ બને છે, અને તેની અસર બ્રહ્મચર્ય પર થાય છે. માટે સાદો અને હલકો ખોરાક આવશ્યક છે.

બીજું શુદ્ધ હવા; મલીન અને ગલીચ વાતાવરણમાં રહેનાર તંદુરસ્તી જાળવી શકતા નથી. બહારના અશુદ્ધ પરમાણુઓ તેમના મગજપર ખરાબ અસર ઉત્પન્ન કરે છે. મગજનો સંદેશો શરીરની સર્વ ઇન્દ્રિયો પર ત્વરીત પહોંચે છે, અને તેથી બ્રહ્મચારી મલીન હવા, વાતાવરણ કે સ્થાનનો ભોગી બને છે, માટે શુદ્ધ હવા અને પવિત્ર વાતાવરણના સ્થળે બ્રહ્મચારીને રહેવું ઘટે. શુદ્ધ હવાથી શરીર બળની વૃદ્ધિ વિજ્ઞાન શાસ્ત્રના નિયમ પ્રમાણે થાય છે. અને શુધ્ધ વાતાવરણથી મન ઉપર ઉત્તમ પ્રકારના સંસ્કારો પડે છે.

ત્રીજું નિયમીત વ્યાયામ; બ્રહ્મચર્ય અને વ્યાયામ ને કેટલો સંબંધ છે એ સ્પષ્ટ થઇ ગયું છે. એટલે બ્રહ્મચારીએ તો જરૂર નિયમિત વ્યાયામ કરવોજ જોઇએ.

ચોથું:–પરીપક્વ વયે લગ્નઃ–ગ્રહસ્થ જીવનમાં ભર યુવાનીમાં બ્રહ્મચારી રહેવું એ લોખંડના ચણા ચાવવા જેવું છે. આટલે એ વયમાં અખંડ બ્રહ્મચર્ય પાળનાર વીરલાજ કહેવાય. છતાં જેઓ સ્વદારા સંતોષ વ્રત ( એક પત્નિવ્રત ) પાળે અને સંયમ જાળવે તો કુમાર અવસ્થામાં પાળેલ અખંડ બ્રહ્મચર્ય અને વ્યાયામના સેવનથી તૈયાર થયેલ મજબુત શરીર અને સ્થિર મન ધાર્યું કામ આપી શકે. આથી કોઇ એવો અર્થ ન કરે કે ગ્રહસ્થજીવનમાં વીર્યને વેડફી નાંખી વ્યાયામથી અળગા રહેવું. કુમાર અવસ્થામાં જેટલી જરૂર વ્યાયામની છે તેનાથી ગ્રહસ્થ જીવનમાં વધારે છે. તે સૌ સમજે, અને વીર્ય રક્ષા માટે જેટલો બને તેટલો વધુ સંયમ જાળવે.

નિર્માલ્ય અને સત્વહીન પ્રજા ધર્મ કે રાષ્ટ્રની અધોગતિનું કારણ છે. ધર્મના ઉધ્ધારાર્થે અને હિંદુ ધર્મને પુનર્જીવીત કરવા માટે સત્તરમી શતાબ્દિમાં સમર્થ રામદાસ સ્વામીએ ઠેરઠેર મઠો સ્થાપ્યા હતા. આ મઠોમાં શારિરીક કેળવણી અને લશ્કરી તાલીમ આપવામાં આવતી. આથી મરાઠા જાતિ લડાયક પ્રજા તરીકે મોગલો સામે શૌર્ય સાટે લડી, અને હિંદુ જાતિને રક્ષી–બચાવી. આ બધું સબળ બાંધાની પ્રજાનું કૌવત હતું.

મનુષ્યની મીલ્કતમાં અમુલ્યમાં અમુલ્ય થાપણ શરીર છે. તેની પૂરતી કાળજી રાખવાને મનુષ્ય બંધાયેલો છે. શારીરિક અને માનસિક ઉન્નતિ પ્રત્યેક મનુષ્ય સાધી શકે તેમ છે. તેને માટે તો યોગ્ય કાળજી રાખવીજ જોઇએ. શરીરની સુધારણા અર્થે "એમડના આહાર કરનાર" માણસો જે ફાંફાં મારે છે તેને બદલે વ્યાયામ, ખુલ્લી હવા, ખોરાક અને સંયમ જેવા કુદરતી વૈદોની મદદથી શરીર સંપત્તિ અને મનની ખીલવણી થાય છે.

એટલા માટે લોકોક્તિ છે કે,

"શરીરે સુખી તો સુખી સર્વ રીતે,
શરીરે દુઃખી તો દુઃખી સર્વ રીતે"

શરીર સર્વ સુખોનું વિશ્રાંતિગૃહ છે. નિર્બળ અને નિઃસત્વ માણસો કુટુંબ, દેશ કે દુનિયાને ભારરૂપ છે, જીવતાં છતાં નકામાં છે, એટલે દરેક સિદ્ધિ સાધવા શરીર સુદ્રઢ બનાવી સંયમી બનો.

---

**સ્થાનીક**—રતલામથી એક સાધ્વીને સુરતના એક શાસન પ્રેમીને ત્યાં ટ્રેનમાં બેસાડી લાવવામાં આવેલ છે. કહેવાય છે કે તેના મગજની અસ્થિરતા હતી. બીજી તરફ આને માટે જુદી જુદી વાતો થાય છે. સાચું શું ? સમાચાર ખુલાસો કરશે ?

# યુવકો માટે કાર્ય દિશા.

આજે રચનાત્મક કાર્યની આવશ્યકતા છે. રચનાત્મક કાર્ય વિના સમાજનો વિકાસ કે તેની ઉન્નતિ થઇ શકતી નથી. રચનાત્મક કાર્યજ યુવકો અને પ્રજા સમક્ષ નવા દ્રષ્ટિબિંદુ, ભાવના, કાર્ય રજુ કરે છે. આવી તક મળતાં પ્રજા ધીમે ધીમે જૂની પરિસ્થિતિ, રૂઢિઓ, દ્રષ્ટિબિંદુ, ભાવના છોડતી જાય છે. આવું રચનાત્મક કાર્ય સતત ચાલું રહેવું જોઇએ, તેમ બને તો તેમાંથી પ્રજાને નવીન પ્રેરણા, તાજગી અને બળ મળતાંજ રહે અને પરિણામે વિકાસ સધાતો જાય. પરંતુ જો આવું રચનાત્મક કાર્ય શરૂ થઇ અટકી પડે તો તેનો પ્રત્યાઘાત થાય છે અને કરેલ કામ તથા તેની અસર નાશ પામે, એટલુંજ નહિ પણ સમાજ પર તેની ચેતનશક્તિની બાબતમાં પણ ભ્રમ પેદા થાય છે. આ વસ્તુ સનાતન સત્ય છે અને તે સ્વીકાર્યેજ છુટકો છે.

પ્રથમ તો આવા રચનાત્મક કાર્ય માટે વાતાવરણ હોવું જોઇએ; તે માટે કેટલાક યુવકો પોતાના તન, મન, ધન, કીર્તિ અને સગવડોનો ભોગ આપવા તૈયાર હોવા જોઇએ; રચનાત્મક કાર્ય માટે આવા સેવકો અને આટલા આત્મભોગ ને ત્યાગની આવશ્યકતા છે. આ પ્રકારના સ્વાર્થત્યાગ—સ્વાર્પણનું વાતાવરણ મ૦ ગાંધીજીએ ઉત્પન્ન કર્યું છે. તે આપણને કેટલું સ્પર્શી શક્યું છે તેનું માપ કાઢી શકાય તેમ નથી. તેમ છતાં પણ જે વાતાવરણ અને ભૂમિકા આજે તૈયાર છે તેનો લાભ લેવાનું આપણે ચુકીશું તો ભવિષ્યમાં લાંબા સમય માટે આવું વાતાવરણ, આવા યુવકો અને આવી સગવડ પ્રજાને મળવાનાં નથીજ.

આવા થોડા યુવકોનું એક જુથ સમાજ હિત અર્થે પોતાના ધ્યેય અને તેનાં સાધનો પરસ્પર ચર્ચા કરી નક્કી કરે, તે ઉપરાંત દુનિયાના વ્યવહારૂ માણસ કરતાં પોતાનામાં શી વિશેષતા છે, તેટલા પુરતાં નિયમન સ્વેચ્છાએ પાળવાની તે જુથની તૈયારી હોવી જોઇએ. આવો સમૂહ એક સ્થાને રહે, ત્યાં એક પ્રાચીન અને અર્વાચીન, જૈન અને જૈનેતર, એમ અનેક વિષયોના ગ્રંથોવાળું સુંદર પુસ્તકાલય હોવું જોઇએ; તે ઉપરાંત પ્રચલીત વાતાવરણ અને પ્રશ્નોથી અજ્ઞાત ન રહી શકાય તે માટે પ્રચલીત દૈનિક, સાપ્તાહિક અને માસિકવાળું વાંચનાલય હોવું જોઇએ. આવી સંસ્થામાં રહી દિવસના અમુક કલાક વાંચનમાં, અમુક કલાક શિક્ષણમાં, અમુક કલાક ચર્ચામાં અને અમુક કલાક પ્રચારમાં એમ કામ કરવાની તૈયારી હોવી જોઇએ. આ જુથ પોતે કેળવણીના અખતરા કરે, આપણી સંસ્થાઓનાં નિરીક્ષણ કરે, જરૂર પડયે સલાહ પણ આપે અને આમ વાંચન, મનન, ચર્ચા અને અખતરા આદિના પરિણામોનો પ્રચાર કરવા વ્યાખ્યાનો રાખવામાં આવે કે માસિક યા ગ્રંથશ્રેણિ મારફત છપાવવામાં આવે. આમ તેની પ્રવૃત્તિ અનેકવિધ હોય અને તેનાં સાધનો પણ સર્વાંશ સંપૂર્ણ હોય તો આ જુથ પ્રજામાં થતા ફેરફારો, પ્રજામાં ફેરફાર થતી મનોવૃત્તિ આદિથી પરિચિત રહી શકે.

આવા જુથનું કાર્ય ક્ષેત્ર તો મર્યાદિત હોવું જોઇએ; પ્રથમ પ્રયત્ન મર્યાદિત ક્ષેત્રમાં થાય, તેના છાંટા ભલે બીજે ઉડે, તે પ્રયત્ન સફળ થતો જણાય ત્યારે તે વિસ્તારી શકાય. આવા જુથનું નામ ગમે તે રાખો તેની હરકત નથી. આ એક ગૃહસ્થ-ત્યાગી બનવાની સંસ્થા છે. આવા જુથને માથે પોતાના કુટુંબના ભરણ પોષણની ચિંતા ન હોવી જોઇએ; તેટલું ખર્ચ સમાજે ઉપાડી લેવું જોઇએ.

આ મુજબ યુવકને કામ કરવાનું ખુબ વિશાળ ક્ષેત્ર છે; આવું સુંદર અને વિસ્તૃત કામ મુકી યુવકોએ શા માટે નાશાત્મક કાર્યમાં લાગી જવું જોઇએ? નાશાત્મક કાર્ય પ્રત્યાઘાત જનક છે, આપણે તેનું નામ દેવું છોડી દઇ આપણા કામે લાગી જઇએ તો તેનું નામ લીધા વિના જે અનાવશ્યક છે તે જરૂર લોપ પામશેજ. નાશાત્મક કાર્યમાં યુવકો પોતાની શક્તિ વેડફી નાખે તેના બદલે આવા ક્ષેત્રમાં તે વપરાય તો કેટલું ઇષ્ટ બને!

પુરાતન પાટણે આ કાર્યનું એક અંગ પૂરવા શરૂઆત કરી છે; તેણે જ્ઞાનમંદિરની યોજના કરી છે. તેમાં માત્ર પ્રાચીન સાહિત્યજ સંગ્રહાશે એમ તો નહિંજ બને; તેને નિરંતર વિસ્તૃત બનાવતા રહેવુંજ પડવાનું છે. આ જ્ઞાન યુગમાં માત્ર પ્રાચીન સાહિત્યની રક્ષા પુરતો ઉદ્દેશ નજ રાખી શકાય; તેને તો અપ-ટુ-ડેટ બનાવતા રહેવું જોઇએ. આમ એક પુસ્તકાલય થાશે તેથી ઇતિકર્તવ્યતા પણ નથી. તેની સાથે નવીન સાહિત્ય, ચર્ચાતાં હોય તેવા સાપ્તાહિકો અને માસિકોનું વાંચનાલય પણ તેની સાથે રહેવું જોઇએ. આ અંગ આમ સંપૂર્ણ બને તે ઇષ્ટ છે અને પાટણના જૈનો તે કામ ઉપાડે છે તે પુરૂં કરશેજ.

તેનુ બીજું અંગ પૂર્ણ કરવાનું કામ કોઇ બીજું એક ગુજરાતનું શહેર ઉપાડી લે તો તે શક્ય બને; પુસ્તકાલય—જ્ઞાનમંદિરમાં બેસી તેનો ઉપયોગ સાર્વજનિક રીતે કરી શકાય તે માટે તેની આજુ બાજુ અભ્યાસીઓને રહેવાની વ્યવસ્થા હોય; આટલું કરી શકાય તો અભ્યાસીઓને ખુબ રાહત મળી જાય, અને રચનાત્મક કાર્યની જે વિચારણા કરી છે તે માટે આજીવન સભ્યો મળી શકે તો તેમને માટે ત્યાં પાસેજ રહેવા કરવાની અનુકૂળતા કરી શકાય અને તે દ્વારા તેની પાસેથી સમાજને અનેક પ્રકારની ઉપયોગી બાબતો મળી શકે. આવા જુથને કામ કરવાની સગવડ પુરતી રકમનો ભોગ કયું શહેર ઉપાડવા તૈયાર થશે?

સમાજ પોતાનું હિત સાધવા ઇચ્છતો હોય, પોતાનો વિકાસ ઇચ્છતો હોય, પોતાની રૂઢ સ્થિતિમાંથી મુક્તિ ઇચ્છતો હોય તો તેને આજે કે કાલે આ કર્યા વિના છુટકો નથી, તો શા માટે સમાજ આ વસ્તુસ્થિતિ માટે આજેજ તૈયારી ન કરે? જૈન સમાજ પાસે કોઇપણ કાર્ય માટે નાણાં મળવાં શક્ય છે; જૈન સમાજની ઉદારતા પર રાષ્ટ્રની, આર્યસમાજની, સંપ્રદાયની એવી અનેક સંસ્થાઓ નભેજ છે, તો આવી સંસ્થા માટે—રચનાત્મક કાર્ય માટે, પોતાના સમાજના ભાવી કલ્યાણ માટે નાણાંની તાણ રહે તે સંભવીતજ નથી. સમાજ આજથી વિચાર કરી રાખે કે ગમે ત્યારે પણ સમાજને ગૃહસ્થ—ત્યાગી સંઘ ઉભો કરવાનોજ છે, અને તેના માટે પ્રબંધ પણ કરવાનોજ છે—અને તે પ્રબંધ કરવાનો છે તે માટે આજથી વ્યવસ્થા કરે.

યુવકોમાં પણ કેટલાક શ્રીમંત હશેજ; તેઓ આવી પ્રગ-

તેનાં સ્વપ્નાં સેવે છે, આધિ પ્રગતિ કેવી હોય તેનાં હવાઈ કીલ્લા બાંધે છે; પરંતુ તેની પાછળ-તે મનોરથસૃષ્ટિ ઉત્પન્ન કરવા પાછળ ક્રિયાનું બળ નથી. આ બળ પેદા કરવા જે રચનાત્મક કાર્યની દિશા દોરી છે, તેમાં તથ્ય જણાય તો પોતાનો અધિકમાં અધિક ફાળો હોવો જોઈએ. આવો ફાળો યુવકોનો સુંદર હોય કેમકે યુવકો સુધારો માગે છે; અને જેઓ સુધારો માગે છે તેમની એટલી ફરજ તો સ્પષ્ટજ છે કે તન, મન, ધનનો ભોગ આપવો. યુવકેજ તેથી અધિક ફાળો જ્ઞાનમંદિરમાં કે આવા ગ્રહસ્થ ત્યાગી સંઘની સંસ્થા ઉભી કરવામાં આપે; યુવકોજ પોતાના જીવન તેમાં સમર્પે અને યુવકોજ તેમાં પોતાની બુદ્ધિ, ચાતુર્ય અને અનુભવ સમર્પે તોજ સમાજની ઉન્નતિ શકય બને.

યુવક માનસનો અનુભવ અને તેમાં પણ કેળવાયેલ ગણાતા વર્ગનો અનુભવ એમ સુચવે છે કે તેઓ કોઇપણ પ્રવૃત્તિમાં પૂરતો સાથ નથી આપતા; અને આવા કોઈ કાર્ય માટે નાણાં આપવાના હોય તો તેમાં પણ તેઓ ઉદારતાથી તો નથીજ આપતા. યુવકોના માટે આથી બીજું શરમાવનારૂં શું હોઇ શકે ? જે વસ્તુસ્થિતિ આપણે ઉભી કરવી હોય તે માટે આપણે સતત પ્રયત્ન કરવા તૈયાર ન હોઇએ, તે પ્રતિ ઉદાસીન બનીએ; તે ઉત્પન્ન કરવા માટેની સગવડ આપવાની આપણી તૈયારી ન હોય તો આપણે સુધારો કે નવીન પરિસ્થિતિ ઉભીજ કયાંથી કરી શકીએ ?

સમાજના યુવકોને આ વસ્તુ ગંભીર રીતે વિચારવાની છે; પોતે પોતાની ફરજ પ્રમાણિકતાથી બજાવે છે. એટલે આત્મ સંતોષ કોઇપણ પ્રકારે કાર્ય કર્યા વિના મળવાનો નથી; અને કાર્યનું પરિણામ પણ કાર્ય શરૂ કર્યા વિના કે તે માટે સગવડ, સાધન પૂરાં પાડયા વિના મળવાનું નથી. આ સઘળું તેઓ ખુબ વિચારે, ચર્ચે, અને તેમાં તથ્ય જણાય તો પોતે તેવા કાર્યમાં વાપરવાના સમર્પણની તૈયારી કરે. સમાજમાં આવું વાતાવરણ આજે શકય છે ખરૂં ?

'ચી.'

## ચેતવણી.

"સમય ધર્મ" તા. ૨૭-૮-૩૩ માં જણાવવામાં આવ્યું છે કે પાલીતાણામાં શ્રી શત્રુંજયના ડુંગર ઉપર શ્રી પુજારી ટુંકને નામે ઓળખાતી જગા છે, જ્યાં દહેરી તથા એકાદ બે ઓરડા છે, અને જ્યાં પાર્શ્વનાથ પ્રભુના પગલાં તથા પદ્માવતીજીના પણ પગલાં આદિ હતાં, ત્યાં હાલમાં એક હનુમાનજીની મૂર્તિ પણ બેસાડી દેવામાં આવેલ, હવે તે જગા જીર્ણ થવાથી પગલાં વિગેરે બીજે સ્થળે લઇ જતાં તેની સાથે હનુમાનજીની મૂર્તિને પણ લઇ જઇ બીજે સ્થળે બેસાડવામાં આવ્યા છે. અને તેની રોજ પખાલ પૂજા થાય છે. વળી ત્યાં એક બાવો જે પોતાને નેમવિજયજીનો શિષ્ય જણાવે છે, તે ધામા નાંખી પડયો છે. અને તે બાવો ત્યાં શંખ વગાડે છે, મોરપીંછ લાવે છે, અને આસપાસ પોતાના ભકતોનું ટોળું જમાવે છે, એટલુંજ નહિ પણ રાતવાસો પણ ત્યાંજ રહે છે. આણંદજી કલ્યાણજીની પેઢીએ આ બાબતની તુરત તપાસ કરી યોગ્ય પગલાં ભરવાં જોઇએ, નહિતર નાની ભુલના ભવિષ્યમાં ભયંકર પરિણામ આવશે.

## —: નવો ફાળ :—

**શ્રી શાંત અધ્યાત્મિક ભજન માળા:**—પ્રકાશક અને યોજક રાજ કવિ ભોગીલાલ રતનચંદ છે. રતનપોળ, પીપળાવાળો ખાંચો મું. અમદાવાદ મૂલ્ય ૦-૧૦-૦

શ્રી બુદ્ધિ સાગરસૂરિ, કબીરજી પરચુરણ સાક્ષરોના અને છેલ્લે સ્વોપરી શ્રીમદ્ આનંદજી અધ્યાત્મિક ભજનોનો આમાં સંગ્રહ બહાર પાડવામાં આવ્યો છે એકંદરે ભજનો અને પદો, મનોરંજક સુંદર રાગરાગિણીમાં અર્થથી પરિપૂર્ણ છે, અધ્યાત્મ પ્રેમીઓ માટે આ ગ્રંથ ઉપયોગી છે.

**શ્રી પ્રભુચરણે:**—પ્રકાશક ભાવસાર હરીલાલ જીવરાજ કાપડીયા મુ. ભાવનગર મૂલ્ય ૦-૪-૦

આમાં શ્રીમદ્ રતનચંદનું અપુર્વ અવસર એવો કયારે આવશે વગેરે પદો છે; તેમજ બીજાં પણ પદો છે તેના કર્તા કોણ છે તે જણાવ્યું નથી, પ્રકાશકે તે માટે જરા જહેમત લઇ કંઇક પ્રકાશ પાડયો હોત તો ઇચ્છવા યોગ્ય થઇ પડત. સાથે આત્મસિદ્ધ શાસ્ત્ર પણ આપવામાં આવ્યું છે અમને ખબર છે ત્યાં સુધી તે શ્રીમદ્ રાજચંદ્રજી કૃત છે.

**શ્રી અધ્યાત્મ મહાવીર**—પર્યુષણ ક્ષમાપનાના મૂળ લેખક ગોકળદાસ નાનજી. પ્રકાશક ભાવસાર હરીલાલ જીવરાજ કાપડીઆ મુ૦ ભાવનગર. કિંમત ૦-૬-૦

શ્રીયુત ગોકળદાસ ગાંધી અધ્યાત્મ પ્રેમી છે, તેઓશ્રીએ ઉપરોક્ત એક નિબંધ લખ્યો હતો. તેનું વિસનગરથી ભાઇશ્રી ભાવસારે વિવેચન કર્યું છે. એકંદરે આધ્યાત્મિક કલ્પનાઓ બહુજ સુંદર છે. અધ્યાત્મ પ્રેમીઓને આ નિબંધ વાંચવાની ભલામણ કરીએ છીએ.

**જીવભેદ ગણીત પટ:**—તૈયાર કરનાર તથા પ્રકાશક ભાવસાર હરિલાલ જીવરાજ ભાઇ કાપડીઆઃ મુ. ભાવનગર, જૈન કન્યાશાળા, અને જૈન શાળાને ભેટ. બાળકના માટે મૂલ્ય. ૦-૧-૦ આમાં જીવ વિચારનો નકશો ચીતરવામાં આવ્યો છે, તેનાં ચૌદરાજ લોકનું ચિત્ર પણ બતાવેલું છે.

**શ્રી સ્તવન પ્રબંધ:**—રચાયતા ન્યાય સાહિત્ય તીર્થ મુનીશ્રી હિમાંશુ વિજયજી અનુવાદક વ્યાકરણ તીર્થ પં૦ અમૃતલાલ તારાચંદ દોશી. પ્રકાશક દીપચંદજી. શ્રી વિજય ધર્મસૂરિ જૈન ગ્રંથમાળા. જી ઉજ્જૈન (માળવા) કિંમત ૦-૩-૦

શાંતમૂર્તિ મુનિશ્રી જયંત વિજયજી મહારાજનું આમાં જીવન ચરિત્ર ઉતાર્યું છે. સમાજ માટે બીન ઉપયોગી છે.

---

—અમેરીકામાં આવેલા ફ્લોરીડા ખાતેની રોલીન્સ કોલેજના પ્રમુખે ઐતિહાસિક સુપ્રસિદ્ધ નરોના ઉદ્યાન માટે સાબરમતી આશ્રમમાંથી ગાંધીજીના નામ સાથેનો એક પત્થર મંગાવ્યો હતો, જે પ્રમાણે ગાંધીજી જે જગ્યાએ આશ્રમમાં રહેતા હતા તેના ઓરડાની નજદીકમાંથી એક પત્થર ખોદી કહાડીને મોકલી આપવામાં આવ્યો છે.

—ચીનમાં લુંટારૂઓએ એરહોનું શહેર લુંટી સૌથી શ્રીમંત ૫૩ ચીનાઇ વેપારીઓનું હરણ કરી તેમને પર્વતોમાં કેદ રાખ્યા છે. અને નાણાં મળ્યે તેમને છોડવાનો ઇરાદો છે.

# સામાજિક ત્રુટિઓ.

By—Alaram.

પ્રબુદ્ધ જૈનમાં રા. જ. આહલશેનો માગધી ભાષાના અભ્યાસની અગવડતા માટેનો પત્ર હતો; તે ખરેજ આજના ધર્મગુરૂઓના માનસનું પ્રતિબિંબ છે. ઉપાશ્રયોમાં બરાડા પાડીને "આપણું શાસ્ત્ર અદ્વીતિય છે, તેને માટે જ્ઞાન ભંડારો ખુલવાં જોઇએ, તેનો બહોળો પ્રચાર થવો જોઇએ." આમ કહેતાં ઘણાં મુનિરાજોને સાંભળ્યાં છે. પરંતુ પ્રચારના જે કંઇ સાધનો પ્રાપ્ય છે, તેનો આપણે લાભ લેતા નથી, તેને ઉકેલી શકતા નથી, તે ઘણી ખેદજનક વાત છે. કોલેજોમાં માગધી સંબંધી પુરેપૂરી સગવડ નથી હોતી. આપણાં મુનિરાજો અને વિદ્વાનો જ્યાં જ્યાં કોલેજ હોય એવે સ્થાને બીરાજતા હોય તો ત્યાંના અધ્યાપકને આમંત્રી અગવડતા દુર કરવા પ્રયત્ન કરે. આપણા જ્ઞાનભંડારો પાછળ ઘણુંએ દ્રવ્ય ખર્ચાય છે. પરંતુ તે ધન સાધુ–મુનિરાજોની નામના ખાતર–ફક્ત તેમના ઉપયોગની ખાતર, અને કેટલીક વખત તો પ્રતો ઉધઇ ખાઇ જવા ખાતરજ. આ કાર્ય માટે વિદ્વાન પંડિતો જેવા કે પં. સુખલાલજી, બેચરદાસ, દરબારીલાલજી વગેરેની એક સમિતિ નિમાય અને કંઇપણ અગવડતા હોય તો તેઓ કોન્ફરન્સ કે એજ્યુકેશન બોર્ડ દ્વારા તે નિવારવા જણાવે. એમ બને તો વિશેષ સારૂં. અન્ય પ્રજાઓ અને કોમોને સાહિત્ય પાન કરાવવું હોય તો તે માટે વધારે ઉત્સુક બનવાની આપણને આવશ્યકતા છે. આજે બીજા ધર્મશાસ્ત્રો સંબંધી પર ભાષામાં અનેક પુસ્તકો મળે છે, ત્યારે જૈન ધર્મ સંબંધી એવા ગણ્યા ગાંઠ્યા પુસ્તકો છે કે જેની નોંધ લઇ શકાય. સમાજોપયોગી અનેક બાબતો તરફ આજના કહેવાતા અગ્રગણ્યો દુર્લક્ષ કરે છે તેમાંની આ એક બાબત છે.

× × × ×

સ્વમાન અને સ્વાશ્રય માટે કસરતશાળાઓની હવે અનિવાર્ય જરૂર છે. આપણી કોમ શારીરિક ખીલવણીમાં અત્યંત પછાત છે, અને આપણે મૃતઃપ્રાય જીવન ગાળીએ છીએ. સુદૃઢ જીવન જીવવાનો શોખ કેળવવા માટે આપણે વ્યાયામ વીરોની જરૂર છે. સ્વમાન અને સ્વાશ્રય માટે વ્યાયામનું અવલંબન લીધા વિના છુટકો નથી. **યુવક સંઘ જેવી યુવકોની સંસ્થાઓ ફક્ત અઠવાડિક પત્ર અથવા પ્રાસંગિક ઠરાવો સિવાય આવી પ્રવૃત્તિઓ માટે વિધવિધ શિક્ષણ સંસ્થાઓ અને યુવક સંઘોને આ સંબંધી પ્રેરણા આપે તો ઘણું રચનાત્મક કાર્ય થશે.** કસરતશાળા એ કંઇ ખર્ચાળ સંસ્થા નથી. પ્રત્યેક શેરીમાં તે વિના ખર્ચે ચલાવી શકાય છે. આપણા સારા સમાજ–નાયકો અકાળ મૃત્યુ પામે છે. અને આપણી આમ પ્રજાનાં શરીર સંસારની ઉપાધીઓને લઇ ત્રુટિ જાય છે, તેનો ઇલાજ વ્યાયામ સિવાય કશો નથી. આપણા પૂર્વજોનું દૃષ્ટાંત લઇએ કે આજની કેળવાયેલી પ્રજાઓનું દૃષ્ટાંત લઇએ તો આપણે સમજી શકીશું કે સુદૃઢ દેહધારી પ્રજાજ સ્વતંત્રતા પોષી શકે છે, અને ભોગવી શકે છે. આપણે વ્યાયામવીરો ઘડ્યાં તો આપણા અનેક પ્રશ્નોનો આપ મેળે ઉકેલ થશે, આપણે પર કોમોના આક્રમણ સિવાય તેમની સાથે શાંતિથી રહી શકીશું. જે પ્રજા શક્તિમાન હોય તેજ ખરી અહિંસા સમજી શકે છે–પાળી શકે છે. આપણા કરતાં વિશેષ લાચાર સ્થિતિ અન્ય પ્રજાની નહીંજ હોય. જેટલી માનસિક કેળવણીની જરૂર આપણે સમજ્યા છીએ તેના કરતાં અધિક આજે શારીરિક શિક્ષણની જરૂર છે, આપણે વ્યાપારી પ્રજા હોઇ, આપણી રહેણી કરણી અને જીવનનું નિત્ય કર્મ એટલું શિથિલ અને એશ આરામી થઇ ગયું છે કે આપણી આબરૂ અને સલામતી માટે આપણે પરાવલંબી બન્યા છીએ; આપણે માંદુ અને હાયવોયભેર જીવન જીવીએ છીએ. આપણે વિશ્વાસ ખોયો છે, નિશ્ચયાત્મકપણું ત્યજ્યું છે. માટે વ્યાયામનો શોખ ઉત્પન્ન કરવાની ચળવળ આજના યુવકોએ ઉપાડી લેવી જોઇએ.

× × × ×

**સ્કોલરશીપો અને વ્યાજવાળી ઉછીની રકમો માટે કેન્દ્રસ્થાનની જરૂરીઆત**—આ પ્રશ્ન તરફ કોઇનું ખાસ ધ્યાન ખેંચાયુંજ નથી. આજે આ બાબતનાં ઘણાંએ ફંડો છે. તે ફંડોનું (સિવાય કે ટ્રસ્ટ ડીડોથી બાંધીત હોય યા તો ફક્ત સ્થાનિકજ હોય.) એકાદ કેન્દ્રસ્થાન હોય તો તે વિદ્યાર્થીઓને અને સંચાલકોને પરસ્પર લાભદાયી છે. આજે ઘણા વિદ્યાર્થીઓ મદદના અભાવે અભ્યાસમાં હેરાન થાય છે, યા અભ્યાસ છોડી દે છે. બીજી બાજુ આવા ફંડના સંચાલકો જેમાંના ઘણાં પૈસાદાર હોવાથી અને ઓછા અવકાશવાળા હોવાથી તેઓ વિદ્યાર્થીની પરિસ્થિતિથી વાકેફ ન હોઇ, અને શિક્ષિત ન હોઇ, વિદ્યાર્થીઓની મુશ્કેલી સમજી શકતા નથી. આવા ફંડોનું કેન્દ્રસ્થાન બને, જેમાં સૌ ફંડના પ્રતિનિધિઓ પ્રતિનિધિત્વ ધરાવે તેવી ગોઠવણની પુરી આવશ્યકતા છે. વિદ્યાર્થીઓને ગુપ્ત મદદના અભાવે (ગુપ્ત મદદ વિષે આપણે ઘણું ઓછું શીખ્યા છીએ.) લાચારી ભોગવવી પડે છે. જ્યારે ધનવાનો અંગત ઉપકાર કરતા હોય તેવી ભાવનાવાળા હોય છે. સમાજ દૃષ્ટિથી વિચારતાં આજના ધનવાન નેતાઓને આવડતુંજ નથી. અને સમાજની યોગ્ય ધન–વ્હેંચણી વિષે તેમને સ્વપ્ને પણ ખ્યાલ હોતો નથી. આવે સમયે વિદ્યાર્થીઓની પરિસ્થિતિથી વાકેફ હોય અને વિદ્યાર્થીઓ પ્રત્યે મમતા અને લાગણીવાળા હોય તેવા ગૃહસ્થોની સમિતિ નીમી આ કાર્ય સરળ બનાવવા વિધવિધ ફંડોના સંચાલકો એકત્ર થાય તો તે ઘણું ખુશી થવા જેવું છે. શિક્ષણ સંસ્થાઓના સંચાલકો આમાં સહાય પુરી શકે, અને શિક્ષિત ભાઇઓ આ કાર્ય ઉપાડી લે તેમ ઇચ્છું છું. મુંબઇની શિક્ષણ સંસ્થાઓ (જૈન એજ્યુ. બોર્ડ જેવી) આ કાર્યની પહેલ કરશે કે?

## સાચી ક્ષમાપના.

તમારા અંગત સ્વાર્થો અને ઇર્ષાઓને કુસંપી વાસનાઓને નાબુદ કરો. મહાવીર પિતાના પુત્રો બની એક બંધુભાવ કેળવો અનન્ય પ્રેમથી એક બીજાને ચ્હાતા શીખો, કરેલા વિરોધની ખરા હૃદયથી માફી માગો. દુભાવેલા હૃદયને પ્રેમથી માફી આપો.

ખરી ક્ષમાપના છાપેલ–નવીન–કાર્ડથી–કંકોત્રીથી નથી. એ કૃત્રિમતા છે. ખોટું ખર્ચ છે. હૃદયના ભાવો તેમાં નથી આવતા હૃદયના–ભાવથી પશ્ચાતાપથી ક્ષમા ભાવથી ક્ષમાપના આપો. એજ સાચી ક્ષમાપના છે.

# જૈનોની નિર્નાયકતાનું અને જ્ઞાનની ન્યૂનતાનું પ્રદર્શન.

લેખક—મહાસુખભાઇ ચુનીલાલ—વિસનગર.

શ્વે. મૂ. પૂજક જૈનોનાં ધાર્મિક પર્યુષણ પર્વ ભાદરવા શુદ ૪ શુક્રવારે તા૦ ૨૫-૮-૩૩ ના રોજ પૂરાં થયાં; પરંતુ સખેદ હૃદયે કહેવું પડે છે કે, આ વખતે એક સરખી રીતે નહિ ઉજવાતાં ભિન્ન ભિન્ન મતે ઉજવાઇ જૈનોની નિર્નાયકતાનું અને જ્ઞાનની ન્યૂનતાનું પ્રદર્શન કરાવ્યું છે. સમાજના મોટા ભાગે શ્રાવણ વદ બીજી બારસ ને ગુરૂવારે પર્યુષણ શરૂ કરી ભાદરવા શુદ ૪ ને શુક્રવારે સંવત્સરી કરી છે. કોઇએ શ્રાવણ વદ પહેલી બારસે બુધવારે આરંભ કરી ભાદરવાસુદ ત્રીજને ગુરૂવારે સંવત્સરી કરી છે. કેટલાકે અમાવાસ્યાને સોમવારે સવારે આશરે ૮॥ થી ૧૧॥ વાગ્યા સુધી સૂર્યગ્રહણ હોવાથી આખો દિવસ શાસ્ત્રાનુસાર નિષેધનો ગણી તે દિવસનું કલ્પસૂત્રનું વ્યાખ્યાન ચૌદશના દિવસે વાંચી ગ્રહણનો દિવસ પડતર રાખેલો, જ્યારે કેટલાકે તે દિવસનો નિષેધ નહિ ગણતાં માત્ર ગ્રહણના વખત જેટલોજ બાધ ગણી ગ્રહણ પહેલાનાં અને તે પછીનાં વખતમાં કલ્પસૂત્ર વાંચ્યું. આ સંબંધી પોતાનો મત સ્થાપન કરનારાઓએ અગાઉથી પત્રિકાઓ બહાર પાડેલી અને જાહેર વર્તમાન પત્રોમાં પણ લેખો લખેલા—એકપક્ષે તો હાર જીતની ચેલેન્જ પણ ફેંકેલી. એમ ભીન્ન મત પ્રમાણે પર્વો ઉજવાયાં

આ ત્રણે પક્ષના આગેવાનો આચાર્ય પદવી ધરાવનારા હોવાથી જૈન સમાજે કયા રસ્તે જવું એ ગુંચવાડા ભરેલું થઇ પડેલું અને તેથીજ આ વખતે જૈન સમાજ ત્રણ પક્ષમાં વહેંચાઇ ગયેલી. સૌ પોતપોતાના રાગી ગુરૂ પ્રમાણે ચાલેલા. આ ઉપરથી એટલું તો નક્કી થાય છે કે જૈન સમાજના ધર્મરક્ષક તરીકે ગણાતા મુનિમહારાજો અને આચાર્યોમાં કોઇ એવો નાયકજ નથી કે જેની આજ્ઞા પ્રમાણે આખો જૈન સમાજ એકજ માર્ગે ચાલે. જૈનેતર પ્રજાપણ ટીકા કરે છે કે, જૈનોમાં આ વખતે આવા ભેદ કેમ ઉભા થયા છે? એકની સંવત્સરી આજ ને બીજાની કાલ એ શું? આનો જવાબ જૈન સમાજ શું આપી શકે? તે તો બિચારો દરદી જેવો છે! દરથી પીડાતો દરદી સાજા થવા પૈસા ખરચી મોટા વિદ્વાન અને જાહેરા એમ. ડી. ડોકટરોની સલાહ લે એ સ્વાભાવિક છે. એક ડોકટરને પુછતાં અમુક વ્યાધિ કહે છે, જ્યારે બીજો એમ. ડી. ડોકટર બીજો વ્યાધિ બતાવે છે, ત્રીજાને પુછતાં તે કાંઇ જુદુંજ દરદ જાહેર કરે છે. આ પ્રમાણે એમ. ડી. ડોકટરોમાંજ મતભેદ હોય છે, ત્યારે દરદીએ શું કરવું? કોની દવા લેવી? ત્રણે મોટી પદવી ધારણ કરનાર વિદ્વાન ડોકટરો છે. કોઇ લેભાગુ ડોકટર કે ઉંટવૈદું કરનાર નથી કે જેથી તેમનો મત મારી નાંખવો. આથી દરદીનું દર્દ નહિ મટતાં ઉલટું માનસિક મુંઝવણનો તેમાં વધારો થાય છે; અને ડોકટર ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય છે. આવી દરદી જેવી જૈન સમાજની સ્થિતિ હોવાથી તે શું જવાબ આપી શકે?

આ ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે નિર્નાયક જેવી આચાર્યોની સ્થિતિ બની જવાથી છિન્નભિન્ન અવસ્થા ઉભી થયેલી છે. "સબ સરદાર" બની ગયા છે. હજુ પણ સુધારવા પ્રયત્ન નહિ થાય તો આથી પણ ગંભીર સ્થિતિ ઉભી થશે. પર્યુષણમાં સુદ ૧ ના વ્યાખ્યાનમાં સબ સરદાર બનેલ નિર્નાયક પાંચસો સુભટનું દ્રષ્ટાંત સાધુઓએ અને આચાર્યોએ સંભળાવ્યું અને જૈનોએ સાંભળ્યું; પરંતુ તે બધું પોથીમાંજ રહ્યું, ખુદ બોધ આપનાર સાધુજ તે પ્રમાણે ન ચાલે તો પછી શ્રોતાજનોની વાતજ શું કરવી? એને પોથીમાંનાં રીંગણાંની વાત નહિં તો બીજું શું સમજવું?

હવે ગ્રહણ સંબંધી જણાવતાં ખરેખર ગ્લાનિ થાય છે. પર્યુષણમાં સુદ-૨ ના દિવસે આચાર્યોએ અને મુનિમહારાજાઓએ ગણધરવાદ વાંચ્યો પણ તેમાં શું આવ્યું તેનો વાંચનારે ઉંડો વિચાર કર્યો? અગીઆર ગણધરો કોણ હતા? વિદ્વાન બ્રાહ્મણો હતા. તેમના હૃદયની શંકાઓ શ્રી મહાવીર ભગવાને જાણી એટલુંજ નહિ પણ શાસ્ત્રાર્થ કરી તે તમામ દૂર કરી. શ્રી મહાવીરના આવા અપૂર્વ જ્ઞાનથી એઓ એટલા બધા આકર્ષાયા કે તેઓ દીક્ષા લઇ મહાવીરના શિષ્ય બન્યા. આવી મહાવીર ભગવાનની અદ્વિતીય વિદ્વતા હતી. પરંતુ હાલમાં તેમના પ્રતિનિધિ રૂપ ગણાતા મહાવીર પ્રભુનો વેષ ધારણ કરનાર આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ વિદ્યાજ્ઞાનમાં એવા શિથિલ બની ગયા છે કે જૈન શાસ્ત્રોમાં મોટા મોટા જ્યોતિષના ગ્રંથો હોવા છતાં તેનો અભ્યાસ કરી સ્વતંત્ર જૈન પંચાગ બનાવી શકતા નથી. દહેરાસરની પ્રતિષ્ઠા કે એવા બીજા મંગલ મુહૂર્ત જોવાં હોય છે તો બ્રાહ્મણનાં બનાવેલાં ટીપણાં હાથમાં લઇ દિવસ જોઇ આપે છે. કહેવાતાં જૈન પંચાગો તો માત્ર નામનાંજ હોય છે. મૂળ બ્રાહ્મણોનાં ટીપણાં ઉપરથી ગણત્રી કરી મોટી તીથીઓનો ક્ષય ન કરાય અગર ડબલ ન કરાય, રોહિણી નક્ષત્ર વગેરે ક્યારે આવે છે, વીગેરે નક્કી કરી બહાર પાડવામાં આવે છે. પણ દિવસનું કાળમાન કોણ નક્કી કરે છે તેતો જુઓ—તે બધો આધાર બ્રાહ્મણોનાં ટીપણાંનો લેવાય છે. શ્રી મહાવીર ભગવાનનો વેષ ધારણ કરનાર માટે આ થોડું શરમાવા જેવું નથી! મહાવીર ભગવાને જ્ઞાન વડે જ્યારે બ્રાહ્મણોને મહાત કર્યા, ત્યારે તેમનો વેષ ધારણ કરનાર આચાર્યો બ્રાહ્મણોનાંજ બનાવેલા ટીપણાંના આધારે ચાલી, પાળવાના પર્વના દિવસો નક્કી કરવા લાગ્યા. સૂર્યગ્રહણ સંબંધી તમામ આધાર તેમનાં પંચાગોનેજ અવલંબીને રહેલો છે. ગ્રહણો થવાથી વાતાવરણમાં કેટલો બધો મહાન ફેરફાર થાય છે, તેનો ખ્યાલ તે સંબંધીનાં શાસ્ત્રો વાંચે તેનેજ આવી શકે, અને તેના ખ્યાલ ઉપરથીજ તેનો શા માટે સર્વથા નિષેધ કરવામાં આવે છે, તે સમજાઇ શકે. ગયા સૂર્યગ્રહણ સંબંધી તા૦ ૧૮-૮-૩૩ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં ગ્રહણના જુદાં જુદાં સમજુતી અને ચિત્રો સાથે સવિસ્તર લેખ પ્રગટ થયેલો છે, તેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે—

"No attempt should be made to look at the sun without the protection of a dark glass or serious injury to the eye sight may result" મતલબ કે "કાળા કાચના રક્ષણ સિવાય સૂર્ય તરફ જોવાનો પ્રયત્ન કરવો નહિં, નહિં તો આંખને ગંભીર ઇજા થવા સંભવ છે." આ પ્રમાણે ખાસ સૂચના આપે છે.

જો એ પ્રમાણે આપણા આચાર્યો તે દિશામાં અભ્યાસ

# અ......વ......ન......વા.

—દીo મુનિમહારાજ શ્રી જયસાગરજી મહારાજ સામે દીગમ્બર અવસ્થામાં ફરવા સામે નીઝામ સરકાર તરફથી મુકાયલો પ્રતિબંધ વગર સરતે પાછો ખેંચી લેવાયો છે અને મુનિમહારાજશ્રીએ ૧૪ દિવસ પછી ઉપવાસ છોડયા હતા.

**સુરત**—સાગરાનન્દ સુરિના શિષ્ય ચન્દ્રસાગરની સહિથી લાલ પત્રિકા બહાર પડી હતી, તેમાં પર્યુષણ પર્વ અને કલ્પવાંચનના સંબંધમાં પોતાના ગુરૂના નિર્જીવ સંબંધમાં શરૂઆતમાં લખ્યું છે કે "શ્રીમાન દાનવિજયજી ખુલાસો કરશે?" શું દાનસુરિજી સાધુ મટી તેમની નજરે શ્રીમાન બન્યા? એકજ પાર્ટીના બે આચાર્યોના જુદા જુદા મંતવ્યોના કારણે સંવત્સરી શાસનપ્રેમી (!) છાવણીમાં ભીન્ન ભીન્ન તીથીએ કરવામાં આવી હતી, એમાંથી પ્રમાણીક અને સત્ય કથન કયું હશે?

**ભાવનગર**—નંદનસુરિજી તળાજાથી અહિં આવતી વખતે એક તેર વર્ષના છોકરાને તાપજથી સાથે લાવ્યા છે. તેનાં મા-બાપ છે. વિજયનેમિસુરિ તેમનાં સંસારીપણાના મામા થાય. તે છોકરો પંચ પ્રતિક્રમણ સુધી ભણેલો છે. હાલ મહારાજની પાસે અભ્યાસ કરે છે. કહેવાય છે કે અભ્યાસનું તો બહાનું છે, અને કારતક મહિના લગભગ દીક્ષા આપી દેવાશે. તેની મા પુબ કલ્પાંત કરે છે, તેથી તેને તાપજ મોકલવામાં આવ્યો હતો. સાંભળવા મુજબ તેનો બાપ દીક્ષા આપવાની તરફેણમાં છે, અને લગભગ ત્રણ હજાર રૂપીયા આપવાનું નક્કી થયું છે. સાચું શું? તે તો ચોમાસું ઉતરે જણાઇ રહેશે.

**અમદાવાદ**—જૈન કુમારીકા બેન સુલોચના અમૃતલાલ ચોકસી જેઓ ગાંધીજી સાથે રાસ મુકામે કુચમાં જવા જોડાયેલા હતા તેઓને છ માસની સખત મજુરી સાથે સજા થઇ છે, પાછળથી તેમના પિતાશ્રી અમૃતલાલ દલસુખરામ પણ બેડા જીલ્લાના એક ગામથી ઉપડતી ટુકડીમાં જોડાયેલા, તેમને પકડવામાં આવ્યા હતા અને છ માસની સખ્ત મજુરીની સજા થઇ છે. (૨) પંચમેન્સ જૈન સોસાયટીમાં નોકરી કરતા મંગળદાસ નાનાલાલ શાહ સામે અફીણ ખાઇ આપઘાત કરવાની કોશીશ માટે કેસ થયો છે, કહેવાય છે કે તેણે સોસાયટીના હિસાબમાં ગોટાળો કરેલો જે પકડાઇ જવાના ભયે તેણે આ પગલું ભર્યું હતું.

**પાટણ**—સોસાયટીના એક ભાઇ કહેવાય છે કે પુનર્લગ્ન કરીને આવ્યા છે. કેટલાક સોસાયટીના સભાસદો સત્કાર કરવા પણ ગયેલા. એમની આ ઉદાર વૃત્તિને માટે ધન્યવાદ!

**પાલણપુર**—આચાર્યશ્રીના ચાતુર્માસ દરમ્યાન કેળવણીની સંસ્થાઓ પગભર થશે એમ પુબ આશાઓ હતી. પર્યુષણ પર્વ સૌ ભેગા થયેલા વીખરાઇ પણ ગયાં, છતાં હજુ કશી પ્રગતિ થઇ હોય તેમ લાગતું નથી. (૨) પ્રણાલિકા મુજબ અઠ્ઠાઇ વિo તપો અર્ચાળ હોય છે. પણ અહિં આચાર્યશ્રી વિજયવલ્લભસુરિજીનું ચોમાસું હતું, એટલે એમની પ્રેરણાથી સંઘે આ અંગે પણ ખર્ચાઓ તદ્દન બંધ કર્યાં; તેથી પચાસ ઉપરાંત અઠ્ઠાઇ અને વધુ ઉપવાસોનાં તપો થયાં હતાં. (૩) જૈન શ્વે. કોન્ફરન્સનું ચૌદમું અધિવેશન નાતાલના ટાંકણે અહિં ભરવા સંબંધમાં હીલચાલ ચાલી રહી છે (૪) થરાદના ઠાકોર સાહેબ અત્રે થોડા દિવસ પહેલા આવેલા, તેઓશ્રી પાછા જતી વખતે સ્ટેશનપર બેઠા હતા ત્યાં કેટલાક કસાઇઓ બકરાં-ઘેટાં લઇ જતા હતા, તે તેમના જોવામાં આવ્યા અને એ મુક પ્રાણીઓના કરૂણ આક્રંદે તેમના દિલમાં અનુકંપા પ્રગટાવી, તેથી તેજ વખતે રૂ. ૧૨૦ રોકડા આપી તે મુકપ્રાણીઓને બચાવી અત્રેની પાંજરાપોળમાં મોકલાવી આપ્યા.

**કાંડાકરા (કચ્છ)**—ગોરજી સાધ્વીઓને ભારે કનડગત કરે છે એવા મતલબની એક અરજી નાo પોલીસ કમીશનરને અહીંના કેટલાક ગૃહસ્થો તરફથી થતાં તે અરજીના આધારે મુંદ્રા ફોજદાર પર લખાઇ આવવા મુજબ અત્રેના ઉપાશ્રયમાં પોલીસ સીપાઇ ને રહેણુ કાજે રાખવામાં આવેલ છે એમ સૌ કોઇ કહે છે.

**સ્થાનિક**—શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે તા. ૩૧-૮-૩૩ ભાદરવા શુદ ૧૧ ગુરૂવારે સવારે ૮-૩૦ કલાકે ભુલેશ્વર લાલબાગના જૈન દેરાસરના ઉપાશ્રયમાં પન્યાસજી મહારાજ ભક્તિવિજયજી ગણીના પ્રમુખપણા નીચે જગદ્‌ગુરૂ હિરવિજયસુરિશ્વરજી મહારાજની જયંતિ ઉજવવામાં આવી હતી. આ પ્રસંગે જાણીતા આગેવાનોએ હાજરી આપી હતી. બાળાઓએ ગુરૂશ્રીના જીવન ચરિત્ર ઉપરની કવિતાથી મંગળાચરણ કર્યું હતું અને ત્યારબાદ મુનિ મહારાજ શ્રી સુબોધવિજયજી તથા પન્યાસજી મહારાજ શ્રી ભક્તિવિજયજીએ ગુરૂશ્રીના જીવનચરિત્ર ઉપર વિવેચન કરી તેમના પગલે ચાલવા ઉપદેશ કર્યો હતો. અને બધા ભાઇઓને એકત્ર થઇ જૈન શાસનને દીપવવાના કાર્યો કરવા અનુરોધ કર્યો હતો. બાદ અમૃતલાલ કાળીદાસે ગુરૂશ્રીના જીવન ચરિત્ર ઉપર બોલતાં જણાવ્યું હતું કે જૈન સમાજની ખરી ઉન્નતિ—જૈન ધર્મની ખરી ઉન્નતિ ત્યારેજ થશે કે જ્યારે જૈનો પોતાના મતભેદો ભુલી જઇ એકત્ર થઇ શાસનના કાર્યો કરવા તત્પર થશે. બાદ હિરવિજયસુરિશ્વર મહારાજની જય બોલાવી મેળાવડો વીસર્જન થયો હતો.

---

કરે તો આવા ધાર્મિક કામોમાં બીજાના આધારે અટકવાનું રહે નહિં; અગરતો આપણે પ્રતિક્રમણમાં પાળવાની ક્રિયામાં ભુલતા હોઇએ તો આપણી ભુલો સુધારી શકીએ. આપણે આગળ વધેલા હોઇએ તો બાળજીવો આપણો આધાર લે.

આથી વાંચકોને ખ્યાલ આવશે કે આપણે જ્ઞાનમાં કેટલા બધા પાછા હઠીએ છીએ, આવી આપણી સ્થિતિ છે; છતાં નિર્નાયકતા મટાડી અહંતા દૂર કરી એકત્ર મળવા ધ્યાન આપતા નથી. ઉલટ દિનપ્રતિદિન વિશેષ કરી છિન્નભિન્ન થવાને પ્રયત્ન કરી રહ્યા છીએ. આ વખતના પર્યુષણે અને સૂર્યગ્રહણે જૈન સમાજની પરિસ્થિતિનું ખરેખર પ્રદર્શન કરાવી આંખો ઉઘાડી છે, તે તરફ આચાર્યો ધ્યાન આપશે? સુજ્ઞેષુ કિં બહુના? તા. ૨૮-૮-૩૩

---

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩, માંથી પ્રગટ કર્યું છે.

સંમેલનની સફળતા.

Reg. No. B. 2917.
છુટક નકલ ૧ આનો.

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રીય સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| તંત્રી: રતિલાલ ચીમનલાલ કોઠારી. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર. | વર્ષ ૨ જું, અંક ૪૫ મો. |
| સહતંત્રી: કેશવલાલ મંગળચંદ શાહ | વાર્ષિક લવાજમ રૂા. ૨-૮-૦ | શનીવાર, તા૦ ૯-૯-૩૩. |

## અં....તિ....મ વિ....દા....ય.

વ્હાલા વાંચક !

આપ સૌએ દૈનિક વર્તમાનપત્રો દ્વારા જાણ્યું હશે, કે પ્રેસ એકટની શું ગાલમાં પ્રબુધ્ધ સપડાયું છે. તા. ૩-૯-૩૩ ના ૩૧ મા અંકમાં છપાયેલ 'અમર અરવિંદ' ની નવલિકા ના૦ મુંબઇ સરકારના સ્વદેશ ખાતાને રાજદ્વારી હોવાની લાગવાથી, તેઓએ ત્રણ ત્રણ હજારની બે, એમ કુલ્લે છ હજારની જામીનગીરી લેવાનું નકકી કર્યું; ને તા. ૧૪-૯-૩૩ સુધી ભરી જવાને લગતો હુકમ સી. આઇ. ડી. ખાતાના ઇન્સ્પેકટર રા. સા. પટવર્ધન, તા. ૫-૯-૩૩ ના બપોરના ૧૨-૩૦ કલાકે સંઘની ઓફીસમાં આવી તેના પ્રકાશક, મી. ગોકળદાસ શાહ તેમજ જે પ્રેસમાં છપાય છે તેના માલીક મી. મનસુખલાલ લાલનને પહોંચાડી ગયા હતા, અને તેથી આમ અણધાર્યો બનાવે 'પ્રબુધ્ધ'ને સમાજની સેવા કરતાં ફરજીઆત અટકવું પડે છે. વર્તમાન અંક 'પ્રબુધ્ધ' નું છેલ્લું કિરણ છે. મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના ઉત્સાહી સભ્યોને આ પત્ર દ્વારા સમાજમાં જાગૃતિ, નિડરતા ને વિચાર શક્તિ ખીલવવા માટેના કામમાં અત્યાર સુધીમાં આર્થિક, નોટીસો વિગેરેની ધમકીઓ અને રૂઢીચુસ્તો તરફથી નવા વિચારોનો પ્રવાહ અટકાવવા થતા પ્રયાસો વિગેરે મુશ્કેલીઓનો અનેક રીતે સામનો કરવો પડયો છે. છતાં એ બધી મુશ્કેલીઓને હઠાવી યુવાનોના માનીતા પત્રને જીવંત રાખવા માટે તેઓએ તનતોડ મહેનત કરી જૈન સમાજને પ્રબુધ્ધ કરવા ખુબ જહેમત ઉઠાવી એ નીર્વીવાદ છે.

"અત્યારની આપણી ડામાડોળ સ્થિતિ, મુનિ સંમેલન અને કોન્ફરન્સ ભરાવાના ભણકારા, યુવક મહામંડળની સ્થાપના, આ બધા સંયોગોમાં સમાજને આવા એક નીડર, સ્વતંત્ર સાપ્તાહિકની ખાસ જરૂર હતી, પણ સંજોગોએ વેરાવું પડયું. જૈન સમાજમાં નિકળતા પત્રોમાં આ રીતે પહેલું વહેલુંજ આ પત્ર બંધ થાય છે. અત્યારની પરિસ્થિતિ વિચારતાં બીજો ઠરાવ ન થાય ત્યાંલગી 'પ્રબુધ્ધ' બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પત્રકારીત્વનો પંથ વિકટ અને તલવારની ધાર જેવો હોય છે. તટસ્થ વૃત્તિ જાળવવા પ્રયત્ન કર્યો હશે; છતાં ય અજાણે કોઈને અન્યાય થઇ ગયો હોય, કોઇ પણ વ્યકિતની આજ પર્યંત લાગણી દુખાઈ હોય, અથવા ખોટું લગાડવાનો પ્રસંગ આવ્યો હોય તો એ માટે ક્ષમા માંગી લઉં છું.

'પ્રબુધ્ધ' ના સંચાલન અંગે અનેક વાતો લખવાનું મન થાય છે, પણ વાંચક મિત્રો પાસેથી વિદાય લેતી વખતે એ અંતરની ઉર્મીઓ, વેદનાઓ, હૃદયમાંજ સંયોગોવશાત સમાવી દેવી પડે છે.

આજ પર્યંત જેમણે પોતાની લેખન શકિત દ્વારા, યા અવનવા બનાવોદ્વારા વાંકેફ કરી પ્રબુધ્ધ ખીલવવામાં ફાળો આપ્યો છે, તેઓનો તેમજ બોર્ડમાંના મ્હારા સહયોગી મિત્રોનો અને જૈન ભાસ્કરોદય પ્રેસના માલિક શ્રી. મનસુખલાલ લાલન વિગેરેનો સાથ લાધ્યો ન હોત તો સાપ્તાહિક પત્રનો આ બોજો નિયમિત અને આટલી સરળતાથી પાર પાડી શકત કે કેમ તે શંકાભર્યું છે, આમ જુદીજુદી દ્રષ્ટીએ મળેલા સૌના સહકાર બદલ સર્વનો આભાર માનું છું.

અંતિમ વિદાય લેતાં પહેલાં વાંચકો સાથેનો મીઠો સંબંધ તૂટતાં ઉદ્દભવતો શોક, યત્કિંચિત સેવાના મળેલા લાભના હર્ષ સાથે મિશ્ર થાય છે; અને અંતરધ્વની પોકારે કે 'પ્રબુદ્ધ' પ્રબુદ્ધ સ્વરૂપે અસ્ત ભલે થાય પણ તેના આંદોલનો જૈન જગતમાં અમર રહેશે.

ગ્રાહકો પ્રત્યે !

આ પત્રનું ચાલુ વર્ષ વિજયાદશમીએ પુરૂં થાય છે. બે વર્ષની ઉજ્જવળ કારકીર્દિ પછી ત્રીજા વર્ષના કંઇક અવનવા મનોરથો ઘડાતા હતા, ત્યાં અકસ્માતિક સંયોગોમાં અમારી વિચાર ધારા તૂટી, અને બે ત્રણ અંક પહેલાં પ્રબુધ્ધનું પ્રકાશન બંધ કરવું પડે છે. આશા છે કે આખીયે ઘટના ધ્યાનમાં લઇ આપ ખુટતા અંકોના ઋણમાંથી યુવક સંઘને મુકત કરી આપનો સાથ આપશો.

રતિલાલ. સી. કોઠારી.
તંત્રી, "પ્રબુધ્ધ જૈન"

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥
(આચારાંગ સૂત્ર.)



# પ્રબુદ્ધ જૈન.

શનિવાર, તા૦ ૯-૯-૩૩.


## સંમેલનની સફળતા.

લાંબા સમયથી જે સંમેલનની રાહ જોવાઈ રહી હતી, વર્ષોથી સમાજ જે સંગઠનની કલ્પના કરતો હતો, આખરે એ સંગઠન મુંબઈ જૈન યુવક સંઘના નિખાલસ પ્રયાસથી અસ્તિત્વમાં આવ્યું છે, કોઈપણ જાતના દેખાવ કે જલસા વગર યુવક પ્રતિનિધિઓનું સંમેલન સફળ નિવડ્યું છે. જે ઉદ્દેશથી, જે ધારણાથી એ સંમેલન યોજાયું હતું, એ ધારણા હમણાં તો પાર પડી છે; અનેક વખતના નિષ્ફળ પ્રયત્નો પછી આ સફળતા જરૂર આશા આપે છે, અને હવે કંઈક રચનાત્મક કાર્યક્રમ યોજાઈ અમલમાં મુકાશે એ સમાજ આશા રાખે તો તે વધારે પડતી નથી.

સર સયાજીરાવનું વડોદરા વિધવિધ પ્રવૃત્તિ અને પ્રેરણાનું કેન્દ્ર છે, ત્યાંના કેટલાક રાજકીય સુધારાઓનું બ્રીટીશ હિંદ પણ અનુકરણ કરે છે. એવા સ્વતંત્ર વાતાવરણમાંથી પ્રેરણા મેળવી યુથ ફેડરેશન અસ્તિત્વમાં આવ્યું છે. ત્હેના પ્રમુખ પણ બહુજ કાર્યદક્ષ મળ્યા છે. આવા પ્રમુખ યુથ ફેડરેશનને સાંપડ્યા એ સમાજના સદ્‌ભાગ્યની નિશાની મનાય. હવે હાથ જોડી બેસી ન રહેતાં કંઈક સમાજ પ્રગતિની દિશામાં પગલાં માંડે તેવા ઉપાયો યોજવાની જરૂર છે.

સંમેલનમાં લગભગ સવાસો યુવકોએ ભાગ લીધો હતો અને ચર્ચા દરમ્યાન દરેક પ્રતિનિધિઓએ પોતાનું મંતવ્ય રજુ કર્યું હતું. દરેક પ્રતિનિધિ સમાજની કઈ રીતે પ્રગતિ થાય એ ઇચ્છતો હોઈ કશો મતભેદ ઉપસ્થિત થયો ન્હોતો. તે એમ બતાવી આપે છે કે આજે યુવકો શબ્દોની અર્થ મારામારીમાં ન પડતાં કર્તવ્ય પંથે પડવા માંગે છે, આ તકનો કાર્યવાહક સમિતિએ સંપૂર્ણ લાભ લેવો આવશ્યક છે.

આજે અનેક મંડળો જેવાં કે કોન્ફરન્સ, અખીલ ભારતીય જૈન યુવક પરિષદ વિગેરે કાર્યવાહક સમિતિઓ કશું કાર્ય કરતી નથી અને તે ખાતાઓને તદ્દન સુવાડી દીધેલ સ્થિતિમાં મુકી દીધેલ છે; તેવી પરિસ્થિતિ આ યુવક મહામંડળની કાર્યવાહક કમીટી નહિ કરે—એ સૂચવતું અવસ્થાને તો નથી જ.

આ મહામંડળમાં લગભગ ચૌદ મંડળો જોડાયાં છે, હાલ તુરત આટલું જોડાણ પણ ઘણુંજ ઉપયોગી છે. આ મંડળની કાર્યવાહક સમિતિ સફળ પ્રયત્નો કરશે તો સમાજમાં દેશકાળને અનુસરવાના ઉદ્દેશવાળાં સેંકડો મંડળોને તેમાં જોડાવાની ફરજ પાડી શકાશે. આ મહામંડળના ઉદ્દેશો પણ બહુ જ સુંદર છે. દેશકાળને અનુસરનારાં મંડળોને અનુકૂળ ઉદ્દેશોજ રચાયા છે; એટલે દરેક મંડળને આમાં જોડાવાનો અમુલ્ય અવસર સાંપડ્યો છે. અમે ઇચ્છીએ છીએ કે સમયને અનુસરનારા મંડળો આ અમૂલ્ય સંગઠનની તક હાથથી ન જવા દેતાં તેમાં જોડાઈ સંગઠનને મજબૂત બનાવશે અને તે દ્વારા સમાજની પ્રગતિ સાધવા પોતાનો ફાળો આપશે.

આ મહામંડળે જે ઉદ્દેશો ઘડયા છે તે ખરેખર સમાજની પરિસ્થિતિનો અચ્છો ખ્યાલ આપે છે. જૈન સમાજમાં આજે શારીરિક અને માનસિક બળનો તદ્દન અભાવ છે. ખોટા ખરચા અને કુરિવાજોમાં તે ડુબતો જાય છે; કેળવણીનો અભાવ છે; કુસંપ અને ઘર્ષણમાં હોમાઈ અધઃપતન તરફ ઘસડાઈ રહ્યો છે. તેનું સાહિત્ય ઉધઈ અને કીડાઓનું ભોગ બની રહ્યું છે. સંગઠનનો બિલકુલ અભાવ છે. સમાજ સેવા માટેની તમન્ના નથી, રાષ્ટ્રભાવના પણ નથી. આ બધી પરિસ્થિતિનો ઉપરોક્ત મહામંડળે સામનો કરવા માટે કટિબદ્ધ થવું પડશે; ત્યારેજ સમાજ પ્રગતિની સાચી દિશામાં પગલાં ભરશે.

હવે યુવકોએ પણ નિરર્થક વાતો, શાબ્દિક યુદ્ધો અને વ્યર્થ વિતંડાવાદમાં ન ઉતરતાં દરેક રીતે પોતાનો સહકાર આપી આ મહામંડળને ફતેહ અપાવવી જોઈશે, કોઈપણ યુવક, 'યુવક મંડળ'ના સભ્ય વગરનો ન હોવો જોઈએ. જ્યાં જ્યાં યુવક સંઘોનું અસ્તિત્વ હોય ત્યાં ત્યાં દેશકાળમાં માનનારા દરેક યુવકોએ યુવક સંઘમાં જોડાઈ જવું જોઈએ; અને તે દ્વારા યુવક મહામંડળને પોતાની સેવા અર્પવી જોઈએ. જ્યાં જ્યાં યુવક સંઘો કે મંડળો ન હોય ત્યાં ત્યાં સ્થાનિક વિચારક યુવકોએ બંધારણીય પ્રગતિ કરવા સંઘ અથવા મંડળના બંધારણ ઘડી કાઢી તેમાં એક વિચારના દરેક યુવકોએ જોડાઈ સમાજની પ્રગતિમાં પોતાનો ફાળો નોંધાવવાની જરૂર છે. મહામંડળ એટલે યુવકોની એક મધ્યસ્થ સંસ્થા, તે દ્વારા પ્રેરણા મેળવીનેજ યુવક સંઘો સમાજને પ્રગતિશીલ બનાવી શકશે.

આટલું સુચવ્યા પછી અમે શ્રી જૈન યુવક મહામંડળના પ્રમુખ, મંત્રીઓ અને સભ્યોનું ધ્યાન ખેંચવાની રજા લઈએ છીએ, કે આરંભમાં તો આપણે બહુજ સારો ઉત્સાહ બતાવીએ છીએ, મોટાં મોટાં ભાષણો અને વ્યાખ્યાનોની હારમાળાઓ ઉપસ્થિત કરી સમાજને મોટી મોટી આશા આપીએ છીએ પણ એ આશાનો શતાંશ ભાગ પણ આપણે પાર પાડી શકતા નથી; એટલુંજ નહિ પણ આપણે માથે એ આક્ષેપ આવે છે કે યુવકો વાતોડીયા છે, યુવકો કશું કરતા નથી કેવળ વિતંડાવાદ સિવાય બીજો સમાજને કશો લાભ આપી શકતા નથી. આ આક્ષેપને જુઠો પાડવા માટે કંઈક રચનાત્મક કાર્યક્રમ યોજી અમલમાં મુકી સમાજની આશાના તંતુઓને મજબુત કરવાની અગત્ય છે. જો કે સંમેલન પ્રસંગે પ્રમુખ મહાશયે જે કુનેહથી કામકાજ શરૂ કરી, સંમેલનને સફળતા અપાવી છે, એ જોતાં તેઓશ્રી જરૂર પ્રેરણાનો દીપક જલતો રાખી યુવકોને ત્હેનાં કર્તવ્યોનું ભાન કરાવશે, અને એ રીતે જૈન યુવક મહામંડળનું અસ્તિત્વ કાયમને માટે સિદ્ધ કરશે એ આશા વધારે પડતી તો નથીજ.

# સામાજીક બળતા પ્રશ્નો.

જે સમાજમાં અભયદાનનો મહિમા છે તે સમાજમાં અભય કે નિર્ભયતા નથી રહી; આજે તેનું સ્થાન ભીરૂતાએ લીધું છે. સમાજના ધનિકો, વગવસીલાવાળા અને આગેવાનો, કોઇપણ સામાજિક નિયમન, ઠરાવ, કાયદા, કે બંધનનો ભંગ કરે તો તેની ખબર લેવાની શક્તિ સમાજમાં નથી હોતી; આથી ઉલટું કોઇ ગરીબ કે સાધારણ માણસ અજાણતાં પણ તેમ કરી દે તો તેને શિક્ષા કરી દંડી નાંખવામાં આવે છે. આમ એક વર્ગને સ્વચ્છંદે બેસવાનો ઇજારો આપી તે પ્રતિ ઉપેક્ષા-મધ્યસ્થ ભાવ અને બીજા વર્ગને દંડી નાંખી મુંડી સાહી ચલાવવામાં આપણે વ્યવહાર કુશળતા બતાવવાનું અભિમાન લઇએ છીએ. જે વર્ગ પ્રતિ સમાજ ઉપેક્ષા-માધ્યસ્થ વૃત્તિ બતાવે છે તે સબળાનો માધ્યસ્થ ભાવ નથી; પરંતુ તે તેની નિર્બળતાની નીશાની છે. જો તે સબળાનો મધ્યસ્થ ભાવ હોય તો ગરીબ કે સાધારણ માણસ પ્રતિ પણ તેજ વૃત્તિ દેખાડવી જોઇએ; પરંતુ આપણે તેમ કરતા નથી તેજ બતાવે છે કે આપણે અપ્રમાણિક બનીએ છીએ અને તે અપ્રમાણિકતા ભીરૂતામાંથી ઉત્પન્ન થયેલી હોય છે.

## સત્તાના જોરે અન્યાય.

આજે તો સમાજના વાડા માત્ર મરણ-પરણ અને જમણ પૂરતા છે. તે કારણે તેના નિયમન, ઠરાવ કે કાયદા માત્ર વ્યવહાર સાચવવા પૂરતા છે. કેટલીક વાર સમાજ કોઇની ઉશ્કેરણીથી દોરવાઇ જાય છે અને પોતાની શક્તિની ઉપરવટ થઇ કેટલાંક બંધનો સમાજ પર લાદવા જાય છે, અથવા તો જે બંધનો રીતસર નથી તે બંધનો છે તેમ સ્વીકારી લઇ માની લીધેલ ગુન્હેગારને શિક્ષા કરવા તૈયાર થઇ જાય છે. શરૂઆતમાં પોતાની સત્તાના જોરે આવો અન્યાય કરવામાં બાધ નડતો નથી, પરંતુ ક્રમક્રમે પ્રત્યાઘાતની અસર તેને લાગે છે અને તેની સત્તાને પ્રત્યાઘાત લાગુ પડે છે. પરિણામ એ આવે છે કે આવી જોહુકમી કરવાથી તેની સત્તા એટલી બધી પાંગળી બની જાય છે કે જે હિતકર નિયમન હોય છે તેનો અમલ કરવા કે કરાવવાની પણ સમાજની તાકાત રહેતી નથી. સમાજે પોતાની તાકાતનો વિચાર કરી વ્યવહાર માટે નિયમન, ઠરાવ કે કાયદા ઘડવા જોઇએ. તે અમલમાં મુકવા સદા જાગૃત રહેવું જોઇએ; અને તેમ ન બની શકે તેમ હોય તો પોલનો લાભ સર્વને સરખી રીતે મળે તેમ કરવું જોઇએ. આમાંજ પ્રમાણીકતા છે; ભીરૂતાનું મોત રહેલું છે. આમ થાય તો સમાજનું બળ ટકી રહે; તેથી વીરૂદ્ધ વર્તીએ તો તે છિન્ન ભિન્ન થઇ જાય એટલુંજ નહીં પણ સમાજમાં અનાચાર વૃત્તિનો જન્મ થાય અને તે ફાલે ફુલે.

આતો સમાજની સંહારાત્મક શક્તિનો પરચો બતાવ્યો; પરંતુ આજે તો સમાજ પાસે રચનાત્મક કાર્યજ નથી. કોઇ પણ જ્ઞાતિ કે સંઘ રચનાત્મક કાર્ય કરવાની જવાબદારી આજે સ્વીકારતી નથી સમાજની ઉન્નતિ તેનો વિકાસ સાધવો હોય તો દરેક સામાજિક સંસ્થાએ પોતાના કાર્યક્રમમાં રચનાત્મક કામની જવાબદારી સ્વીકારવી જોઇએ. જે ધર્મમાં સહધર્મી વાત્સલ્યની ભાવના છે, તે ધર્મના અનુયાયીઓની વ્યવહારૂ સંસ્થાઓમાં સામાજિક વિકાસ માટે સ્થાન ન હોત તેજ બેહૂદુ છે. આજ સુધી આપણે માત્ર શિક્ષા કરવા પ્રતિ લક્ષ આપ્યું છે; હવે આપણે વધુ ઉપયોગી બનવું હોય તો રચનાત્મક કાર્ય પ્રતિ લક્ષ આપીએ. રચનાત્મક કામમાં સમાજના બાળકોની કેળવણી, તેના અનાશ્રિતોનું પાલન, તેમાંના બેકારોને ધંધે લગાડવાની યોજના, વિધવાઓ માટે પ્રમાણિક જીવન ગાળવાની વ્યવસ્થિત યોજના, મંદવાડ પ્રસંગે દવાદારૂ કે તેનાં સાધનોની સગવડ, રહેવા માટે સારાં નિવાસ સ્થાન, અપંગો, અંધ, લંગડાં, લુલાં, કાયમી મંદવાડવાળા, આદિ માટે ભરણ પોષણની જવાબદારી આ બધું આપણે આજે, અને આજે નહિ તો કાલે વિચારવું પડવાનું છે.

આપણે નજરે જોઇએ છે કે હિંદમાં પારસી કોમની વસ્તી એક લાખની છે; છતાં હિંદના સમાજમાં તેનું સ્થાન છે. જ્યારે જૈનોની વસ્તી બાર લાખની હોવા છતાં હિંદના સમાજમાં આપણું સ્થાન નથી. રચનાત્મક કાર્યની જવાબદારીના સ્વીકાર અને અસ્વિકાર એ કારણે આ બે કોમનો વિકાસ અને વિકાર સ્પષ્ટજ છે. આટલું આપણી આંખ સમક્ષ હોવા છતાંય આપણે આવા રચનાત્મક કામથી હજી પણ હાથ ખંખેરી નાંખવાના હોઇએ તો આપણે વિકાસની વાતો-સમાજની ઉન્નતિની ભાવનાઓ મુકી દેવી જોઇએ.

## અજ્ઞાન મિટાવો.

બાળકોના જીવનમાં સ્વાશ્રયની તાલીમના સંસ્કાર દાખલ કરીએ, વિદ્યાર્થીઓમાં પેટ પૂર્તિ કરતાં ઉચ્ચ ઉદ્દેશ છે તેનો ખ્યાલ આપીએ, આત્મ ભોગની ભાવના જગવીએ, અને તેમની મારફત સમાજમાં કેળવણીનો પ્રચાર કરવાની કોઇ યોજના તૈયાર કરીએ, તો થોડા વખતમાં સમાજનું સામાન્ય અજ્ઞાન મિટાવી શકીએ અને તેમ થાય તો સમાજ જાગૃત બને અને તે જાગૃતિનો ઉપયોગ કોમના વિકાસ માટે ઉપયોગી બને.

સમાજના બાળકો એ આવતી કાલના યુવકો છે, તે આવતી કાલના નાગરિકો છે; તેમની તાલીમ આવા કેળવાયેલાના હાથમાં આવે તો તેથી બાળકો ધાર્મિક અને સામાજિક પ્રશ્નો સાચી દૃષ્ટિએ, વિવેક દૃષ્ટિએ વિચારી શકે, ચર્ચી શકે અને તેનો અમલ કરી શકે. આજના યુવકોમાં અકર્મણ્યતા દાખલ થઇ છે તેનો તેથી નાશ થાય; આ અકર્મણ્યતાનો નાશ આવું જવાબદારી ભર્યું કામ યુવકોને સોંપવાથીજ થઇ શકે.

દરેક સમાજમાં બેકાર પણ હોય છે અને નિરાશ્રિત પણ હોય છે; બેકાર માણસોને ધંધે લગાડવાની અને નીરાશ્રિતને તેના જીવન નિર્વાહનાં સાધનો મળે તેમ વ્યવસ્થા કરવાની જવાબદારી આપણા પરજ છે. આપણે ગમે તેમ ટીપ કરી જે આવ્યો તેને જે બન્યું તે આપી વિદાય કરીએ છીએ; પરંતુ આપણે તે બેકાર છે કે નિરાશ્રિત છે તે વચ્ચે ભેદ જોતા નથી, તે સશક્ત છે કે અશક્ત છે તે જોતા નથી. આનું પરિણામ એ આવ્યું કે સમાજમાં કેટલીક વ્યક્તિઓ ભીખારી વેડા કરતી થઇ છે અને તે એક વૃત્તિ નહિ, પણ ધંધો પણ થઇ પડયો છે. આવી રીતે આ ધંધાને પોષવામાં લાભ નથી, ગેર લાભ છે; સમાજ આ રીતે આ ભીખારી

અનુસંધાન પૃ. ૩૫૯ ઉપર

# નગદ સત્ય ધ્યાનમાં લ્યો !

## સમૂહબળ ઉભું કરી એકત્રિત બનવાની આવશ્યકતા.

વડોદરા ખાતે મળેલ જૈન યુવક પ્રતિનિધિઓના સંમેલનમાં મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તેના મંત્રી શ્રી. રતિલાલ કોઠારીએ નીચેનું પ્રાથમીક નિવેદન કર્યું હતું.

ભાઇઓ,

આજે આપણે ભિન્ન ભિન્ન યુવક સંઘના પ્રતિનિધિઓ અહિં એકત્ર થઇ શકયા છીએ એ આપણું પરમ સદ્‌ભાગ્ય છે. આજે આપણો દેશ ભારે કટોકટીના સમયમાંથી પસાર થાય છે, અને આપણો સમાજ પણ મહાન ઉત્ક્રાન્તિમાંથી પસાર થઇ રહ્યો છે; આજે ચોતરફ ભિન્ન ભિન્ન વર્ગો વચ્ચે અથડામણી થઇ રહી છે. આજે મોટા વર્ગો જે જે અસંગઠિત નાના વર્ગો છે, તેને ગળી રહ્યા છે. અત્યારના તિવ્રસ્થિતિ કલહમાં આપણું એક કોમ તરીકે અસ્તિત્વ અસાધારણ જોખમમાં આવી પડયું છે. દિનપ્રતિદિન આપણી સંખ્યા ઘટતી જાય છે એ આપ સર્વ જાણો છો. શિખો, પારસીઓ માફક આપણે પણ આપણું કોમી સંગઠન નહિ કરીએ તો કાળાન્તરે આપણું અસ્તિત્વ નાબુદ થતાં વાર નહિ લાગે. પણ આ નગદ સત્ય નથી. આપણા સાધુઓના ધ્યાનમાં આવતું કે, નથી સત્તાધારી શેઠીઆઓના મગજમાં ઉતરતું. **આજે આપણી કોન્ફરન્સ, આપણા સાધુઓ અને શેઠીઆઓની ચાલુ પ્રતિકૂળતા અથવા તો ઉપેક્ષા બુદ્ધિથી અશકયજ થઇ પડે છે.** આવા વખતે ડુબતી કોમને કોઇ બચાવી શકે તેમ હોય, તો કોમના પ્રાણુ સમાન ઉગતી વયના અને ઉંચા મનોરથો ધારણ કરનાર યુવકોજ છે. આપણે યુવકો કેવળ ઉન્નતિનાં સ્વપ્નો સેવ્યા કરીએ તેમાં આપણી કોમનો કશો ઉદ્ધાર થઇ શકે નહિં. પણ જ્યારે આપણે કોમને બચાવવાની અને અન્ય કોમો વચ્ચે આગળ લાવવાની વ્યવસ્થિત પ્રવૃત્તિઓ આદરીએ તોજ આપણે કંઇક સંગીન પરિણામો લાવી શકીએ. આપણે એક તો વ્યવસ્થિત પ્રગતિ સાધવા માટે સ્થળે સ્થળે યુવક સંઘો સ્થાપવા જોઇએ અને બીજું પ્રત્યેક યુવકે પ્રતિજ્ઞા લેવી જોઇએ કે, ગમે તે સંકટ-ગમે તે મુશ્કેલી આવે પણ જે વાત મારૂં હૃદય કબુલ નહિ કરે-તે વાત પછી તે ધાર્મિક પરંપરાને લગતી હો કે સામાજીક રૂઢિને લગતી હો-હું કદિ નહિ સ્વીકારૂં. આવા દૃઢ નિશ્ચયોવાળા યુવકો યુવક સંઘો સ્થાપીને નવી સૃષ્ટિનું સર્જન કરી શકે; અને જ્યાં અંધારૂં છે-નિરાશા છે, જડતા છે, ત્યાં પ્રકાશ-આશા, ચૈતન્ય લાવી શકે. આપણે બધા આ ભાવનાથી પ્રેરાઇએ-આપણા ભિન્ન ભિન્ન યુવક સંઘોને સંગઠિત કરીએ; અને સર્વત્ર નવી ભાવના, નવો વિચાર-નવા આંદોલનનો પડકાર કરીએ. જ્યાં જ્યાં રૂઢિના નામે, વ્યવહારના નામે, અયોગ્ય પ્રવૃત્તિ ચાલતી હોય, ખોટા દ્રવ્ય વ્યય થતો હોય, અને ભોળી જનતાની અંધશ્રદ્ધાનો ખોટો લાભ લેવાતો હોય ત્યાં આપણો યુવક છાતી કાઢીને ઉભો રહે અને તેના સામે થતા અન્યાયને-અધર્મને, અયોગ્ય પ્રવૃત્તિને, કોઇપણ ભોગે અટકાવે. આપણી કોમના એવા કેટલાક પ્રશ્નો છે કે જેના તાત્કાલિક નિરાકરણની ખુબ અપેક્ષા છે. છેલ્લાં છેલ્લાં ચાર પાંચ વર્ષ દરમ્યાન દીક્ષાના પ્રશ્ને આપણી પ્રજાનું ખુબ ધ્યાન ખેંચ્યુ છે. તેવાજ અગત્યના બીજા પણ અનેક પ્રશ્નો છે. દાખલા તરીકે દેવદ્રવ્ય-આપણી વર્તમાન બેકારી-કેળવણીનો પ્રચાર-તીર્થોની રક્ષા-આ ઉપરાંત સામાજીક દિશાએ પણ વિધવાઓનો ઉદ્ધાર-એકજ ધર્મ પાળતી ભિન્ન ભિન્ન જાતીઓ વચ્ચે લગ્ન વ્યવહારની સરળતા-બાળ લગ્ન-રડવા, કુટવા તથા મરણ પાછળ જમવા જમાડવાના કુરિવાજો-આવા અનેક પ્રશ્નોનો નિકાલ લાવ્યા સિવાય છુટકોજ નથી. આજે આપણા દ્રવ્યનો મોટો ભાગે ધર્મના નામે ચાલતી રૂઢીઓ પાછળ ખરચાઇ રહ્યો છે, તે એકદમ અટકાવવાની અને તે પ્રવાહ કેળવણી પાછળ વહેતો કરવાની ખાસ જરૂર સૌ કોઇ સ્વીકારે છે. આપણે વાતો તો મોટી કરીએ છીએ, પણ નાની મોટી કસોટીના સમયે આપણે સંગઠનના અભાવે ટકી શકતા નથી અને એક બીજાના સહકાર વિના આપણું સુધારાનું નાવ આગળ વધતું નથી. આપણાથી મોટી વાતને ન પકડાવતો એક પછી એક નાની વાતને પકડીએ; પણ જે કાંઇ પકડીએ તેને પાર ઉતાર્યા સિવાય કદી પણ ન છોડીએ. આ બધું દરેક માણસ વ્યક્તિગત કરવા માંગે તો બહુજ ઓછું પરિણામ આવે છે, પણ જો સરખા વિચારના આપણે યુવકો એકત્રિત થઇને નવવિચારોને અમલમાં મુકવા ઝુંબેશ ઉઠાવીએ તો થોડા સમયમાં આપણે જરૂર ભારે મહત્વનું પરિણામ નિપજાવી શકીએ; આ આશયથીજ આજે, આપ સર્વ ભાઇઓને અહિં બોલાવ્યા છે, કે જેથી આપણે એકબીજાના કાર્યને સંયોજીત કેમ કરી શકીએ અને એકમેકને પડતી મુશ્કેલીઓ બરોબર સમજીને સમૂહ બળથી કેમ દૂર કરી શકીએ. આપ સર્વ ભાઇઓ આ સંબંધમાં ખુલ્લા દિલથી પોતપોતાના વિચારો પ્રગટ કરો એમ હું અંતઃકરણથી ઇચ્છું; અંતમાં અમારા મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપી આપ સૌ દૂર દૂરથી આવ્યા છો તે માટે અમારા સંઘ તરફથી આપ સર્વ ભાઇઓનો હું ઉપકાર માનું છું. આ બાબતમાં આપણે વડોદરા જૈન યુવક સંઘના ખાસ આભારી છીએ. તેમણે આપણને અહિં એકત્ર કરવાની જવાબદારી માથે લીધી ન હોત તો આપણે અહિં આ રીતે મળી શકયા જ ન હોત. આજે આવા શુભ ઉદ્દેશથી આપણે મળ્યા છીએ, તો સંગીન કાર્યની યોજના ઘડીને ઉઠીશું એવી આપણે જરૂર આશા રાખીએ. આટલા આરંભિક નિવેદન બાદ આપણું હવેનું કાર્ય વ્યવસ્થિત રીતે ચાલે તે માટે કોઇ નિયામક પ્રમુખની ચુંટણી કરવા આપને હું વિજ્ઞપ્તિ કરૂં છું.

---

"આવો મહાવીરના ઝંડા નીચે, કોણ કાંપે બીકાવી-હૃદયે હૃદય ભીડાવી; અવનત થતા આપણા વીરના ઝંડાને ફરી એક વાર વડે વીરની જય ગર્જનાએ આપણા હજારો હાથોના બળે, આપણા હજારો હૃદયના બળે, ઉંચે, ઠેઠ ઉંચે હિમાલયના શિખર પર ફરફરાવીએ !"

## વડોદરા મુકામે ભરાયેલ પ્રતિનિધિ સંમેલનના કાર્યની સફળતા ઇચ્છનારા સંદેશાઓમાં મુનિરાજો, સંસ્થાઓ, અને વ્યક્તિઓ તરફથી અનેક તારો અને કાગળો આવેલા તે પૈકીના થોડાક નીચે મુકીએ છીએ.

### મુનિ મહારાજોના સંદેશાઓ.

**વ્હાલા યુવકો!**

વારંવાર કહેતો આવ્યો છું તેમ આજે પણ કહું છું કે તમે જૈન ધર્મને એના સાચા સ્વરૂપમાં ઓળખો. જૈન ધર્મ એ જાતિ નથી, પણ જીવન છે. જૈન એ જાતિ સૂચક શબ્દ નથી, પણ જીવન સૂચક શબ્દ છે, એ આધ્યાત્મિક જીવન છે, એ ઉચ્ચ અને પવિત્ર જીવન છે, એ જીવન દુનિયાનો કોઇપણ માણસ મેળવી શકે છે.

પણ, જાગૃત્ત! આંખ ખોલીને જુઓ કે આજે તમારી આસપાસ કેવું વાતાવરણ છે? આજે તમારી-સમાજની શી દશા છે? અજ્ઞાનનાં વાદળ જેમ ધર્મની અધોગતિ કરી રહ્યા છે તેમ સમાજનો દુશ્મનવાયુ વાળી રહ્યાં છે. આજે જ્યાં જોઇએ ત્યાં ઝઘડાની લ્હાય સળગી રહી છે, અને એમાં સમાજ ભડભડ બળી રહ્યો છે. પ્યારા યુવકો! આ તમારાથી કેમ જોયું જાય? સમાજ વિનાશને પંથે ઘસડાતો જતો હોય અને તમે યુવકો આંખ ફાડી જોયા કરો! શરમની વાત છે! તમારો કર્તવ્ય ધર્મ તમારે સમજવો જોઇએ. સાચો યુવક હોય તેના હૃદયમાં શુદ્ધ સેવાભાવની ધમક હોવી જોઇએ; યુગધર્મની ભવ્ય પ્રેરણાઓ ઝીલવાને, ક્રાન્તિનાં મહાન્ આન્દોલનોમાં ઝુકી પડવાને તે સહર્ષ તૈયાર બેઠેલો હોવો જોઇએ તેની મહાન્ ભાવનાઓમાં એમજ લાગવું જોઇએ કે જગતની અશાન્તિ અને પ્રજાની દુઃખી સ્થિતિનાં મૂળીયાં મારી નબળાઇમાં જ સમાયાં છે. આવું યુવક જીવન બુઢ્ઢામાં પણ હોઇ શકે અને જુવાનીયામાં પણ હોઇ શકે, પણ મારે દિલગીરી સાથે કહેવું પડે છે કે, ઘણા યુવકો એવા નજરે પડે છે કે જેમની ભાવનાઓ લગભગ મરી ગયેલી હોય છે અને જેમનાં કાયર અને બ્હીકણુ મન, જેમનાં મૂઢ અને નિર્બળ અંતઃકરણ સુધારાનું નામ સાંભળતાં જ ભડકી ઉઠે છે. આવાઓ ખરેખર પોતાની યુવકતાને લજવે છે.

પ્રિય યુવકો! તમારૂં નામ જગતભરના ક્રાન્તિના ઇતિહાસોમાં સુવર્ણાક્ષરે કોતરાયલું છે. રાષ્ટ્ર, સમાજ અને ધર્મનાં પુનર્વિધાન અને સંસ્કરણ જ્યાં જ્યાં થયાં છે ત્યાં તમારા આત્મબળ પર થયાં છે. તમે કર્મશક્તિના અવતાર રૂપ છો. તમારો ધર્મ, તમારો તેજ અને તમારૂં કર્તવ્ય સમજી જાઓ! તમારામાં સુસ્તી કે જડતા ન ચાલશે. ખંખેરી નાંખો કાયરતાનાં જાળાં અને કમર કસીને સમરાંગણે બહાર આવો!

આજે સહુથી પહેલી જરૂર તમારા બધામાં મજબૂત સંગઠન થવાની છે. તમામ યુવક સંઘો એક સૂત્રમાં પરોવાઇ જવા જોઇએ. જેમ દેવલોકમાં એક વિમાનમાં ઘંટા વાગતાં તમામ વિમાનોના ઘંટા તત્કાળજ ગડગડી ઉઠે છે, તેમ એક અવાજ પડતાં તમામ યુવક સંઘો તેને એકી સાથે ઝીલી લ્યે. સંગઠન શક્તિ એ મોટામાં મોટું બળ છે; એ વગર વિજય નથી એ ભાગ્યેજ સમજાવવાની જરૂર હોય.

જે રૂઢિઓના પડ સમાજને ભરખી રહ્યાં છે, અને જે સડાઓથી ધર્મ સડી રહ્યો છે તેની સામે તમારે બધાએ એકત્રિત થઇને "બળવો" જગાડવાનો છે. આ તમારૂં મુખ્ય ધ્યેય હોવું જોઇએ. યુવક જીવનનું આ મહાન્ કર્તવ્ય છે. આ કામ તમારૂં છે એ તમારે ગોખી લેવું જોઇએ; તમે જો "મણીયા બજાર" થઇ બેસી જાઓ તો તો જુલમ થાય! ધર્મ રસાતલમાં જાય! અને એનો શાપ તમારે માથે ઉતરે!

સજ્જનો! તમારૂં કાર્યક્ષેત્ર મોટું અને ગંભીર છે, ઉતાવળ કરી નહિ ચાલશે; શાન્તિ ને ધીરજ પહેલી હોવી જોઇશે, તમારા નૈતિક જીવનમાં જો ખોડખાંપણ હશે તો તમે સફળતા નહિ મેળવી શકવાના. જેટલું ચારિત્રબળ તમારૂં ઉજ્જવળ હશે, તેટલા તમે વધુ ફાવવાના; મનોબળને મજબૂત બનાવો! તમે પોતે ખમતાં શિખો! અને ખાસ ધ્યાનમાં રાખો કે તમારા અભિમત સિદ્ધાંતો તમારા જીવન સાથે વણાઇ જવા જોઇએ તોજ તમારી વાણીનો પ્રભાવ પડશે, તોજ જનતા તમારી પાછળ દોરાશે અને તોજ તમારૂં મિશન આગળ ધપશે. કોઇની શેહમાં ન પડતાં, કોઇના કે કોઇ પ્રકારના પ્રલોભનથી ન ડગતાં માત્ર સત્યના પૂજક બની ભગવાન મહાવીરના શાસનનો જયઘોષ કરતા કર્મક્ષેત્રમાં કુદી પડો! વિજય તમારો છે.

લી૦ ન્યાયવિજયજી.

### જૈન યુવક સંઘને સંદેશ.

વર્તમાન પરિસ્થિતિમાં આપણા યુવક વર્ગની, ખાસ કરી કાર્યપરિશ્રુત યુવક વર્ગની ફરજ એજ છે કે-પ્રત્યેક કાર્ય કરવા પહેલાં અત્યારની આપણી પરિસ્થિતિનો ધીરજ અને શાન્તિથી પૂર્ણ વિચાર કરી જે રીતે જૈન ધર્મની અભિવૃદ્ધિ થાય અને જૈન સમાજ એ વસ્તુને ઝીલી શકે તે પદ્ધતિએ તે કાર્યને સમાજ સમક્ષ રજુ કરે અને તેમ કરવામાં ભાષાની મધુરતા, વિચારોની સ્થિરતા અને શિષ્ટતા-પ્રમાણિકતામાં લેશ પણ ઉણપ ન આવવા દે એ વધારે ઇચ્છવા યોગ્ય છે. સમાજનું માનસ અત્યારે અતિક્રમણ છે; તેને એકદમ આઘાત પહોંચાડવાથી આપણું ઇષ્ટ કાર્ય વેગવાન બનવાને બદલે તેમાં મંદતા આવવાનો સંભવ છે.

આ સિવાય અત્યારનો આપણો યુવકવર્ગ આપણા ધાર્મિક રીત રિવાજો શા ઉદ્દેશથી ઘડાયા છે? એની કઇ દ્રષ્ટિએ અને કેટલી આવશ્યકતા છે? તેમજ એ રિવાજો આપણા જીવન વિકાસમાં કેવા અને કેટલા ઉપયોગી છે? એ આદિનો બરાબર અભ્યાસ કરી જીવન વિકાસ માટે ઉપયોગ કરે.

અત્યારના આપણા પુનર્ ઘટનમાં ધર્મ તત્વ કે જે આપણા જીવન સાથે સદાને માટે એકાંત આવશ્યક છે, જેના અભાવમાં અત્યારનું આપણું નવીન-નિર્માણ મડદા જેવું છે, તેને આઘાત ન પહોંચે તે રીતે આપણો યુવક વર્ગ પ્રવૃત્તિશીલ બને.

જેમ અત્યારે આપણે ધર્મની રક્ષાનો વિચાર કરીએ છીએ તેજ રીતે જૈન સમાજની દિનપ્રતિદિન વધતી જતી નૈતિક શિથિલતા, અનેક જાતના કુરિવાજો, વિદ્યાવિષયક મંદતા, વ્યાપારિક કંગાલ સ્થિતિ, આપણા સ્ત્રી વર્ગની દરેક બાબતમાં શિથિલતા, આદિ સમાજને લગતા આવશ્યક પ્રશ્નોને

યોગ્ય રીતે ચર્ચવાનું પણ ભૂલવું ન જોઇએ. જે સમાજનું વ્યાવહારિક અથવા બાહ્ય જીવન નિર્માલ્ય હશે તે સમાજનું ધાર્મિક જીવન ક્યારેય પણ વિશદ નહિ બને.

ટુંકમાં હું એટલુંજ કહું છું કે–આપણે આપણી ધાર્મિક બાબતોનો વિચાર કરવા સાથે, જે સમાજને એ પ્રશ્નો સાથે સંબંધ છે, તે સમાજને લગતા દરેક યોગ્ય પ્રશ્નોનો વિચાર કરવો અતિ જરૂરી છે. આ બન્નેય પૈકીના એક પણ અંગને ગૌણ કરવામાં આવશે તો બન્નેય મડદા જેવાજ બની રહેશે.

પાટણ
તા. ૧-૯-૧૯૩૩. } મુનિ પુણ્યવિજય.

**શ્રી જૈન યુવક સંઘોના પ્રતિનિધિઓ જોગ—**

ધર્મલાભ–ભાઇઓ; આજે તમે બધા જે કાર્ય માટે એકત્રિત થયા છો એ કાર્ય નિર્વિઘ્નતાપૂર્વક સફળ થાઓ, એવું અંતઃકરણથી ઇચ્છું છું.

યુવક સંઘોએ પોતાના માથે જે જવાબદારી અત્યારે ધારણ કરેલી છે, એ જવાબદારીને પૂરી પાડવા માટે સૌથી પહેલાં યુવક સંઘોનું એક સંગઠન થવાની જરૂર છે. આજે બધી શક્તિઓ ભિન્નભિન્ન છે. ભિન્નભિન્ન અવસ્થામાં કોઇપણ શક્તિ સફળતા ન મેળવી શકે, એ કહેવાની કંઇ જરૂર નજ હોય. અતએવ સૌથી પહેલાં યુવક સંઘોને સંગઠિત કરો, કોઇપણ એક સ્થળે કે જ્યાં કાર્ય કરનારા ઉત્સાહી અને સમયનો ભોગ આપી શકે તેવા હોય, ત્યાં એક હેડક્વાર્ટર મુકરર કરવું. મુખ્ય ઓફીસ તરફથી નિકળતી સૂચનાઓ પ્રમાણેજ બધા સંઘો કાર્ય કર્યા કરે, એવું થવું જોઇએ. તેની સાથે સાથે પ્રત્યેક ગામમાં યુવક સંઘની એક એક શાખા તો હોવી જ જોઇએ. એવું કાર્ય તે તે પ્રાન્તના મુખ્ય મુખ્ય યુવક સંઘના સંચાલકો કરે એવું કાર્ય એમના માથે સોંપવું જોઇએ, અને ત્રીજી બાબત એ કે, જેમ બને તેમ તાકીદે યુવક સંઘની કોન્ફરન્સ બોલાવવી જોઇએ.

આમ ઘણી વ્યવસ્થાઓ કરવાની જરૂર છે. અત્યારે તે સંબંધી વધારે સૂચનાઓ કરવી અનાવશ્યક છે. આશા છે કે બહુ ગંભીરતા અને શાન્તિપૂર્વક બધું કાર્ય આટોપશો.

અહિં ગુરૂમહારાજની જયન્તિની સભા પૂનમે રાખી છે, સભાપતિ ગોવિંદભાઇ થવાના છે. આશા છે કે તમે બધા પૂનમની સવાર સુધીમાં જરૂર આ પ્રસંગનો લાભ લેવા આવશો.

ભાદરવા શુ. ૧૧, ૨૪૫૯. —વિદ્યાવિજય.

**સંસ્થાઓના સંદેશા.**

**મહારાષ્ટ્રીય કોન્ફરન્સ**—હાજરી આપી શકીશું નહીં. દરેક રીતે સફળ થાવ એમ ઇચ્છીએ છીએ. અમલમાં મુકી શકાય તેવા ઠરાવો પસાર કરશો.

**જૈન યુવકોદય મંડળ રાધનપુર**—આમંત્રણ બદલ આભાર વરસાદને લઇને રસ્તાઓ ખરાબ થઇ ગયેલ હોવાથી આવી શકવું અશક્ય છે. અમારી પુરેપુરી સંમતિ છે. દરેક પ્રકારે સફળતા ઇચ્છીએ છીએ.

**શ્રી જૈન જ્ઞાન પ્રચારક મંડળ જુન્નેર**—વિ. લખવાનું કે અમોએ પ્રતિનિધિનું નામ મોકલેલ હતું. પણ તેઓશ્રીને અત્યંત જરૂરીયાતનું કામ હોવાથી આવવાનું રહીત થયું છે. આપણા કાર્યમાં ફતેહ ઇચ્છીએ છીએ.

**શ્રી જૈન યુવક મંડળ મહુવા**—વિનંતી સાથ લખવાનું કે પરિષદ તરફથી આમંત્રણ મળ્યું તેને માટે ઉપરોક્ત મંડળની સભા એકત્ર થઇ હતી, જેમાં નીચે મુજબ ઠરાવ પસાર થયો હતો.

સમાજમાં ઐક્ય, યુવક સંગઠન, રચનાત્મક કાર્ય કેસરીયાજી પ્રકરણ વિગેરેમાં અમો સહાનુભૂતિ દર્શાવીએ છીએ અને અમો ઇચ્છીએ છીએ કે આ પરિષદ જૈન સમાજમાં છિન્ન ભિન્ન થતી જતી પરિસ્થિતિની સુધારણા કરવામાં સફળ નીવડે.

લી૦

પનાલાલ લલ્લુભાઇ શાહ.
ઉપરોક્ત સભાના પ્રમુખ.

**જૈન યુવક સંઘ ધીણોજ.**

આપની સંસ્થા તરફથી તમામ ગામોના "જૈન યુવક સંઘ" ના "પ્રતિનિધિ" મંડળની બેઠક વડોદરામાં મેળવવા માટે જે શુભ પ્રયત્ન કરવામાં આવ્યો છે, તે બદલ અમો આપની સંસ્થાના કાર્યવાહકોને અભિનંદન આપીએ છીએ.

વિશેષમાં જૈન સમાજમાં આજે જે વીખવાદ ચાલી રહ્યો છે, તેનો અંત લાવવા માટે આ પ્રતિનિધિ મંડળ ઘટતું કરશે તેવી આશા છે. અમારી સંસ્થા તરફથી પ્રતિનિધિ નથી મોકલી શક્યા તેને માટે દીલગીર છીએ. અમો આ પ્રતિનિધિ મંડળની સફળતાપૂર્વક ફતેહ ઇચ્છીએ છીએ. કેસરીયાજી જેવું આપણું એક મહાન તીર્થ આપણા હાથમાંથી સરી જતું કોઇપણ જૈન ઇચ્છે નહિ તે માટે પણ આ પ્રતિનિધિ મંડળ યોગ્ય કરશેજ તેવી આશા છે.

વિશેષમાં સાંભળવા મુજબ સાધુ સંમેલનની વાતો પણ સમાજમાં ચર્ચાઇ રહેલ છે તેને માટે પણ ઘટતું કરશેજ તેવી આશા છે.

**જૈન મિત્ર મંડળ, બોટાદ.**

× × × સમાજની પરિસ્થિતિ સંબંધી વિચારણા કરવા અને વિચારણાની અંતે કાર્ય પદ્ધતિ ઉપર સહુ એક મત થઇ સંયુક્ત શક્તિથી સમાજ હિત સાધવાની શુભ ભાવનાથી સહુ ભાઇઓનું ત્યાં એકત્ર થવું જાણી આનંદ થાય છે. અને આપ સહુના શુભ પ્રયાસમાં અમારો સંપૂર્ણ સહકાર છે × × ×

**શ્રી હા. વિ. ઓ. યુવક મંડળ, જામનગર.**

× × × આપની કમિટી જરૂર સંગીન કાર્ય કરી સમાજને ઘોર નિદ્રામાંથી ઉઠાડે એજ પ્રભુ પ્રાર્થના. સામાજીક, ધાર્મિક વિષય ઉપર આજે યુવાનોના સંગઠનની ખાસ જરૂર છે. પરંતુ જાણશો કે ઠરાવ પસાર કરવાથી કાંઇપણ કાર્ય સિદ્ધ થતું નથી. × × × આપે ઉપાડેલું કાર્ય ફલિભૂત થાય એજ ઇચ્છા.

આ ઉપરાંત શ્રી ભીમજી હ. સુશીલ, શ્રી ચંદ્રકાન્ત સુતરીયા, શ્રી હરિલાલ શીવલાલ શાહ, નેમીનાથ બ્રહ્મચર્યાશ્રમ, ચાંદવડ, શ્રી મગનલાલ દ. શાહ, વિગેરેના સંદેશાઓ પ્રેરણાત્મક હતા.

---

ઓ યુવાન! તારે સમાજને જીવાડવો હોય તો, સામાજીક ધર્મના નામે ચાલતી અર્થહીન રૂઢીઓને તોડી પાડ બાળ લગ્ન-વૃદ્ધ લગ્નને અટકાવવા કટીબદ્ધ થા–નાની જ્ઞાતિઓને જમીનદોસ્ત કરી સારા જૈન સમાજમાં-રોટી બેટીનો વ્યવહાર ચાલુ કરાવવા પ્રયત્ન કર!

# જૈન યુવક મહામંડળની સ્થાપના.

## સંગઠ્ઠનની યોજના મંજુર થઇ; કેસરીયાજી અંગે ઠરાવ.

**પ્રમુખસ્થાને વડોદરાના સરસુબા મણીલાલ બાલાભાઈ નાણાવટી.**

સમાજની પરિસ્થિતિની સુધારણા અંગે-સેવા અંગે-યુવકોને સમુહબળમાં એકત્રિત કરવા ઘણા વખતથી લખાતું-ચર્ચાતું, એટલે તેને અંગે બની શકે તે ગોઠવણ કરવા મુંબઇ જૈન યુવક સંઘે ચાલુ સાલના કાર્યક્રમમાં એક સંગઠ્ઠન કમિટી નીમેલી. આ કમિટીએ પત્ર વહેવાર, તેમ મુસાફરી કરીને આખરે વડોદરા પસંદ કર્યું; અને ત્યાંના શ્રી જૈન યુવક સંઘે દરેક સગવડ જાળવવાનું હર્ષથી સ્વિકાર્યું, એટલે શ્રી મુંબઇ જૈન યુવક સંઘે સમસ્ત ધર્મને માનનારી સંસ્થાઓને આમંત્રી ભાદરવા શુદ ૧૩ વડોદરા મુકામે પ્રતિનિધિ સંમેલન ભરવાનો નિરધાર કર્યો.

પંદર દિવસનો ટુંકો ગાળો-વચમાં પર્યુષણપર્વ, છતાં પર્યુષણ પછી બે દિવસમાં સંસ્થાઓના પ્રતિનિધિના નામો મુંદ્રાઇને આવેલા તેનો વિગતવાર હેવાલ આજ અંકમાં બીજા પાના પર રજુ કરવામાં આવ્યો છે.

### કામકાજની શરૂઆત.

તા. ૨-૯-૩૩ ના રોજ રાત્રિના આઠ વાગે સર સયાજીરાવની પુનિત ભુમિ વડોદરામાં ઘડીયાળીની પોળમાં જૈન ધર્મશાળાની અંદર જુદી જુદી સંસ્થાઓના એકતાલીસ પ્રતિનિધિઓ અને લગભગ પોણોસો પ્રેક્ષકોની હાજરીમાં વડોદરા રાજ્યના **સરસુબા, અને જૈન કોમના એક પ્રતિષ્ઠિત આગેવાન શ્રી. મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખપણા** નીચે પ્રતિનિધિ સંમેલનની બેઠક ભરવામાં આવી હતી; પ્રતિનિધિઓ અને પ્રેક્ષકોમાં શ્રીયુત હીરાચંદ વીરચંદ, શ્રીયુત મહાસુખભાઇ ચુનીલાલ, શ્રીયુત ઉમાભાઇ લીલાચંદ ઝવેરી, શ્રીયુત સકરાભાઇ લલ્લુભાઇ, ડૉ. અમીચંદ છગનલાલ, શ્રીયુત મુળચંદ આશારામ વૈરાટી, શ્રીયુત મણીલાલ રાજવૈદ્ય શ્રીયુત મણીલાલ ખુશાલચંદ વિગેરે આગેવાનો નજરે પડતા હતા.

શરૂઆતમાં મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શા. અમીચંદ ખેમચંદે આમંત્રણ પત્રિકા વાંચી અને અન્ય મંત્રી શ્રી. રતિલાલ સી. કોઠારીએ પ્રાથમિક નિવેદન વાંચી સંભળાવ્યા બાદ વિસનગર નિવાસી શ્રી. મહાસુખભાઇ ચુનીલાલે પ્રમુખની દરખાસ્ત મુકતાં જણાવ્યું કે "બંધુઓ, આપણા સમાજમાં જે સુધારાની આવશ્યકતા છે તે કહી નથી, અને કરવાની જરૂર છે છતાં નથી કરતા એટલે આપણા સામાજિક કામોમાં સરકાર હાથ નાંખે છે તે આપણા માટે શરમાવા જેવું છે.

### પ્રમુખશ્રીની દરખાસ્ત.

સમાજ સુધારણા, સંગઠ્ઠન વિના, જોઇએ તેવી થવી અસંભવિત છે, તેથી સંગઠ્ઠનનો વિચાર કરી નિર્ણય કરવા આપણે એકત્ર થયા છીએ. તો આપણને દોરવણી કરનારની-આગેવાનની-પ્રમુખની જરૂર છે; તેથી હું શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીની પ્રમુખ તરીકેની દરખાસ્ત મુકું છું. જેઓમાં ઉત્સાહ, અને જૈન સુધારા માટેની બહુ લાગણી છે; તેમ તેઓને બહુ અનુભવ છે. રાજકિય પ્રકરણ અને રાજ્યસત્તા જેના ખ્યાલમાં હોય તેવા અનુભવી ગૃહસ્થને પ્રમુખ તરીકે નીમીશું તો આજની નૌકા તેઓ બરાબર પાર ઉતારશે; આથી હું તેમને પ્રમુખ તરીકે નીમવાની દરખાસ્ત મુકું છું, તેને વડોદરા નિવાસી શ્રીયુત ઉમાભાઇ લીલાચંદ ઝવેરીના ટેકો અપાયા બાદ તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રમુખશ્રીએ પ્રમુખસ્થાન લીધું હતું.

### પ્રમુખસ્થાનેથી વક્તવ્ય.

"બાંધવો આજ બપોરે મને આવવાનું આમંત્રણ મળ્યું હતું. એટલે વિષય ઉપર તૈયારી કરવાનો વખત મળ્યો નહોતો. તેમ ભાષણોમાં વખત ગુમાવવા કરતાં આપણે એક બીજાના વિચારો જાણી નિર્ણય ઉપર આવી, અમલ ઉપર કઇ રીતે કામ કરી શકીએ તેજ મુદ્દાની દલીલોથી વિચાર કરશું તો વખત ઓછો જશે અને કામ જલદી આટોપાશે.

યુવાન વિચારોમાં, વયને સ્થાન નથી; જેના વિચારો યુવાન છે, તેજ યુવાન ગણાય, તે માને કે હું નિર્ભય છું, શક્તિમાન છું. તેજ યુવક, ભલે ગમે તે ઉમરનો હોય છતાં તે યુવાનજ છે.

મ્હારે તમારૂં ધ્યાન ફરીથી એ મુદ્દા પર ખેંચવાનું કે ભાષણો કરી વખત ન ગુમાવતાં જે કાર્ય અંગે ભેગા થયા છીએ તેની ચર્ચા શરૂ કરીએ, મ્હારે જે કાંઇ કહેવાનું હશે, તે વિષયો આવતા જશે, તેમ કહેતો જઇશ."

પ્રમુખશ્રીના ટુંકા અને મુદ્દાસર વિવેચન પછી શા. અમીચંદ ખેમચંદે સંમેલનની ફતેહ ઇચ્છનાર જુદે જુદે સ્થળેથી આવેલ સંદેશાઓ વાંચી સંભળાવ્યા હતા. બાદ મંત્રી જમનાદાસ અમરચંદ ગાંધીએ યુવક સંગઠ્ઠન અંગેનું કાર્ય રજુ કર્યું હતું, જે અંગે પ્રમુખશ્રીએ અસરકારક શબ્દોમાં ટુંક વિવેચન કર્યા બાદ તે (સંગઠ્ઠન) અંગે ભાઇ જમનાદાસ ગાંધી, મહાસુખભાઇ ચુનીલાલ, ડૉ. અમીચંદ છગનલાલ, રતિલાલ બી. શાહ, માણેકલાલ એ. ભટેવરા, કેશવલાલ મંગળચંદ વિગેરે જુદા જુદા પ્રતિનિધિઓએ પોતાના વિચારો છુટથી દર્શાવ્યા બાદ-પ્રમુખસ્થાનેથી નીચે મુજબ ઠરાવ મુકવામાં આવ્યો હતો.

હિન્દુસ્તાનમાં આપણી શ્વે. મૂ. જૈન કોમમાં જે યુવક સંઘોને તેને લગતી સંસ્થાઓ હોય તેનું સંગઠ્ઠન કરવાની આવશ્યકતા આ સભા સ્વિકારે છે.

સર્વાનુમતે પાસ થયા બાદ-પ્રમુખશ્રીએ સામાન્ય ધોરણ-ફીક્સ નક્કી કરવા સંબંધી પ્રતિનિધિઓના અભિપ્રાય જાણી, નીચે મુજબ પ્રમુખસ્થાનેથી ઠરાવ મુકયો હતો.

"આ સભા જૈન યુવક સંઘોના સંગઠ્ઠન માટે સામાન્ય ધ્યેય નક્કી કરવાનું ઠરાવે છે;" જે સર્વાનુમતે પાસ થયો હતો.

"ધ્યેયનો ખરડો તૈયાર કરવા નીચેના ગૃહસ્થોની કમિટી નીમવામાં આવે છે" જેને આવતી કાલની સભામાં ખરડો રજુ કરવો.

૧ પ્રમુખ સાહેબ મણીલાલ જમનાભાઈ—નાણાવટી.
૨ ભાઈશ્રી ઉમાભાઈ લીલાચંદ ઝવેરી—વડોદરા.
૩ „ રતિલાલ મહેશ્વરદાસ—ખંભાત.
૪ „ મહાસુખભાઈ ચુનીલાલ શેઠ—વીસનગર.
૫ „ ડૉ. અમીચંદ છગનલાલ-સુરત.
૬ „ કેશવલાલ મંગળચંદ શાહ—પાટણ.
૭ „ જમનાદાસ અમરચંદ ગાંધી—મુંબઈ.
૮ „ મણીલાલ ખુશાલચંદ પરીખ—પાલણપુર.

મજકુર કામકાજ વખતે રાતનો ઘણો સમય થવાથી, બીજા દીવસે આચાર્ય વિજયધર્મસૂરીની જયંતિ અને કમિટીને ખરડાનું કાર્ય હોવાથી, બીજે દિવસે એટલે તા. ૩-૯-૩૩ ના રાત્રિના સાડા સાત વાગે પ્રતિનિધિ મીટીંગ મળવાનું જાહેર થતાં આજનું કામ પુરૂં કરી સભા વિસર્જન થઈ હતી.

## બીજા દીવસની બેઠક.

તા. ૩-૯-૩૩ ના રોજ રાતના સાડા સાત વાગે બીજા દીવસની બેઠક મળતાં સઘળા પ્રતિનિધિઓ હાજર થતાં કામકાજ શરૂ કરવામાં આવતાં, પ્રથમ કાર્ય તરીકે ગઈ કાલની મીટીંગે નીમેલી કમિટીનું ધ્યેય-ઉદ્દેશનો ખરડો ચર્ચા માટે પ્રમુખશ્રીએ રજુ કર્યો હતો. એક એક કલમ ઉપર કેટલીક ચર્ચા બાદ સુધારા વધારા સાથે પ્રમુખસ્થાનેથી રજુ કરવામાં આવ્યો હતો જે સર્વાનુમતે પાસ થયો હતો.

## મહામંડળનો ઉદ્દેશ.

૧ જૈન સમાજનું શારીરિક તેમજ માનસિક બળ ખીલવવું અને તે હેતુસર જુદા જુદા ઉપાયો યોજવા.
૨ સમાજમાં જે ખરાબ અને ખોટા રિવાજો હોય તે દૂર કરવા.
૩ સ્ત્રી તેમજ પુરૂષોમાં કેળવણી પ્રચાર માટે હરેક તરેહના ઉપાયો યોજવા.
૪ જૈન સમાજમાં ઐક્યતા અને સંગઠ્ઠન થાય તેવા સતત પ્રયત્નો કરવા અને જ્યાં કુસંપ હોય ત્યાં ટાળવા પ્રયત્ન કરવા.
૫ જૈન સિદ્ધાન્તોનો પ્રચાર જૈન તેમજ જૈનેતર પ્રજામાં કરવો.
૬ સમાજ સેવા માટે ઉત્સુકતા અને તૈયારી રાખવી.
૭ હાલમાં જૈન કોમની જે સંસ્થા હોય તેની સાથે સહકાર કરી ઉપરના કાર્યક્રમમાં મદદ કરતા થવું.
૮ સ્વદેશીના પ્રચાર માટે દરેક બનતા પ્રયત્ન કરવા.

ઉપર પ્રમાણે ઉદ્દેશ પાસ થયા પછી ઉપરના ઉદ્દેશને માન્ય રાખનારી જે સંસ્થાઓ જોડાય અને એકત્રિત સંસ્થા બને તેનું નામ નક્કી કરવાની ચર્ચા થતાં "જૈન યુવક મહામંડળ" નું નામ પાસ થવા પહેલાં ભાઈ માણેકલાલ એ. ભટેવરાએ સુચના તરીકે ઉપરોક્ત જૈન યુવક મહામંડળને All India Jain Yuvak Sangh's federation એ નામથી ઓળખવું; કારણ કે શબ્દના અર્થમાંજ સમાયલું છે કે દરેક સંઘ ઉપરોક્ત ઉદ્દેશોને અમલમાં મુકે તેમજ સાથે સાથે પોતાની જરૂરીયાત પ્રમાણે કંઈ વધારે રચનાત્મક કાર્ય પોતાના સંઘના નામે ઉપાડી શકે; અલબત એ કાર્ય મહામંડળના ઉદ્દેશોની વિરૂદ્ધ ન જ હોઈ શકે. Federation શબ્દ વાપરવામાં ન આવે તો સંઘનું કામ ક્રાન્તિકારક નીવડી શકે નહિ. થોડી ચર્ચા બાદ-સૂચનાનો સ્વિકાર કરી, સંસ્થાનું નામ "શ્રી જૈન યુવક મહામંડળ" (All India Jain Yuwak Sangh's Federation) સર્વાનુમતે પાસ થયા બાદ હાલ જે યુવક મંડળો, સંઘો, અસ્તિત્વમાં છે તેઓ કેવા બંધારણથી અને કેવી રીતે કામ કરે છે, તેની માહીતી મેળવવી અને જેઓ મહામંડળના ઉદ્દેશને અનુસરી જોડાવા તૈયાર હોય, તેમના અભિપ્રાય મંગાવવા અને જેઓ જોડાવા માંગતા હોય તેમને જોડીને, મહામંડળના કાર્યની શરૂઆત કરવાના મુદ્દા ઉપર ચર્ચાની શરૂઆત થઈ.

## એકત્રિત થઈનેજ છુટા પડો.

ભાઈ માણેકલાલ એ. ભટેવરાએ ટુંકુ પણ સચોટ વિવેચન કરતાં જણાવ્યું કે આપણે અહિંથી "સુંવાળું રહવું કુટવું" કરીને પાછા વળવાનું નથી; કારણ કે પાછળથી યુવક સંઘો પાસે જઈને તેમને મહા મંડળના ઉદ્દેશો પહોંચાડવા એવો જો આ સભાનો નિર્ણય હોય તો મ્હારો સખ્ત વિરોધ છે. દરેકે દરેક યુવક સંઘનો પ્રતિનિધિ અત્રે હાજર છે અને તેથી દરેક યુવક સંઘ પણ હાજર છે; તો તેમને હાલને હાલજ કેમ ન જોડી દેવા? પ્રતિનિધિઓ અહિંયા ફક્ત અત્રે થએલા મહામંડળના ઉદ્દેશો સંભળાવવા સંઘોના Messanger તરીકે નથી આવ્યા, પણ હાલના યુવકોને પાનખર ઋતુનાં પાંદડા જેવી વિખરાએલી સ્થિતિમાંથી તેમનું એક મજબુત હેઠળ સંગઠ્ઠન કરવાને ભળ્યા છીએ; તેથી તે કામ હાલજ આરોપી કાઢવું જોઈએ. આપણે ફક્ત ગપ્પાં હાંકીને પાછા જઈશું તો કોમમાં આ સભાની હુંસા તુંસી થશે અને યુવાનો ઉપર એક મહાન ભૂલનો 'Historical Blunder' આક્ષેપ મુકાશે. દરેકે દરેક યુવાનને પોતાના જાતિધર્મના ઉત્કર્ષ માટે ધગશ હોય છે; અને તે ધગશને અમલમાં મુકવાની આવી તક જો આપણે ગુમાવી બેસીશું તો આપણને શરમાવાનું થશે; માટે એકત્રીત સંસ્થા અહિંઆંજ સ્થાપીને આપણે પાછા જવાનું છે; અને આ મહામંડળમાં હમારો શ્રી મહારાષ્ટ્ર યુવક સંઘ જોડાવાની પહેલ કરવા તૈયાર છે; અને એવી રીતે બીજા સંઘોને જોડીને એક Working Commitee નીમાવી જોઈએ કે જેથી આ મહામંડળનું કામ આજથીજ શરૂ થઈ ગયેલું ગણાય."

તેમના આટલા ધગશ ભર્યા પ્રવચનથી સભાના ચ્હેરા બદલાયાં, એટલે નવી ચીનગારી ઉતરી પડવાથી પ્રમુખ સાહેબ તેમજ સભાએ એ ચિનગારીને સર્વાનુમતે વધાવી લઈ મહા મંડળનું કામ તે વખતથીજ શરૂ થઈ જવુંજ જોઈએ એમ નક્કી કરવામાં આવ્યું. જેના પરિણામે ત્રેવીસ સંસ્થાઓમાંથી પધારેલા પ્રતિનિધિઓમાંથી હાલ તુરત આ મહામંડળમાં નિચેની ચૌદ સંસ્થાઓ જોડાઈ.

૧ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈ.
૨ શ્રી વડોદરા જૈન યુવક સંઘ વડોદરા.
૩ શ્રી અમદાવાદ જૈન યુથલીગ અમદાવાદ.
૪ શ્રી પાટણ જૈન યુવક સંઘ પાટણ.

૫ શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ નાસિક.
૬ શ્રી જૈન સ્વયંસેવક મંડળ મુંબઇ.
૭ શ્રી જૈન યુવક મંડળ ભાવનગર.
૮ શ્રી જૈન સેવા મંડળ ખંભાત.
૯ શ્રી ભરૂચ જૈન યુવક સંઘ ભરૂચ.
૧૦ તરૂણ ભારત જૈન કલબ મુંબઇ.
૧૧ શ્રી મહાવીર ચારીત્રાશ્રમ સોનગઢ.
૧૨ સ્તંભ તીર્થ જૈન મંડળ મુંબઇ.
૧૩ વીશાશ્રીમાળી જૈન યુવક મંડળ ભાવનગર.
૧૪ જૈન સત્ય પ્રચારક મંડળ મુંબઇ.

ઉપરના મંડળો મહામંડળમાં જોડાયા બાદ મહામંડળનું કાર્ય ચાલુ કરવા ઉપરના મંડળોમાંથી નીચેના સાત સભ્યોની એક વર્કીંગ કમિટી નીમવામાં આવી.

૧ જમનાદાસ અમરચંદ ગાંધી } મંત્રીઓ.
૨ મણીલાલ એમ; શાહ. }
૩ અમીચંદ ખેમચંદ શાહ.
૪ માણેકલાલ એ. ભટેવરા નાસીક.
૫ કેશવલાલ મંગળચંદ શાહ પાટણ.
૬ મુળચંદ આશારામ વૈરાટી અમદાવાદ.
૭ ઉમાભાઇ લીલાભાઇ ઝવેરી વડોદરા.

ઉપર પ્રમાણે સાત સભ્યોની નિમણુંક બાદ શ્રીયુત મણીલાલ જાદવજીભાઇ નાણાવટી અને શા. લલીચંદ વીરચંદને કોઓપરેટ મેમ્બર તરીકે દાખલ કરી નવની કમિટી નક્કી કરવામાં આવી.

**ઓફીસ.** મહામંડળની હેડ ઓફીસ હાલ તુરત મુંબઇ ખાતે રાખવાની દરખાસ્ત મહાસુખભાઇ-ચુનીલાલે મુકી હતી; અને અનુમોદન શેઠ સકરાભાઇ લલ્લુભાઇએ આપ્યા બાદ તે ઠરાવ સર્વાનુમતે પાસ થયો હતો.

**કેસરીયાજી પ્રકરણ.**

મહામંડળને-સંગઠનને લગતું કામકાજ પુરૂં થયા બાદ શ્રી કેસરીયાજી તીર્થના અંગે પ્રમુખશ્રીએ પ્રતિનિધિઓને વિચારો જણાવવાની સૂચના કરતાં ભાઇ મણીલાલ જેમલ શેઠે જણાવ્યું કે "આજે દરેક જૈન યુવક સંસ્થા જાણે છે કે આપણું કેસરીયાજી કેટલું મુશ્કેલીમાં ઉભેલું છે; છતાં કોઇ યુવક, કોઇ શ્રીમંત, કોઇ વિદ્વાન, કે સાધુ, કોઇના ધ્યાનમાં આવતું નથી તે શરમાવા જેવું છે. આપણી પેઢી અને કોન્ફરન્સ શું કરે છે તેનાથી જનતા અજાણ છે, છતાં એમ સંભળાય છે કે પેઢી કાંઇક કરે છે. શું કરે છે? તે આપણે જાણતા નથી અને તેની આશાએ જ જો યુવકો બેસી રહે તો જેવી રીતે પાલીતાણાનું કલંક ભુંસીને ગુલામીખત લખાઇ લીધું છે, તેવીજ સ્થિતિ ઉભી ન થાય માટે યુવાનોએ વિચાર કરવાની જરૂર છે. આપણે કામ કરશું તો જેઓ કાંઇ પણ કરતા હશે તેના પણ હાથ મજબુત થશે; માટે આપણે પહેલાં લોક મત તૈયાર કરવા પ્રોપેગેન્ડા કરવાની જરૂર છે. ઉદેપુરે આપણા તીર્થ ઉપર હાથ નાખ્યો છે, છતાં આપણે જો ભોગ નહિ આપીએ તો તીર્થની રક્ષા જરાય નહિ થઇ શકે. તમે કદાચ એમ માનતા હો કે આપણે પૈસાના જોરે જીતીશું; તો પણ ભવિષ્યમાં તો આફતજ છે. તેથી મ્હારી દરેક યુવકને આગ્રહપૂર્વક વિનંતિ છે કે ભોગ વિના ગુમાવેલું નહિ મેળવી શકાય. તેથી દરેક યુવાને પોતાના વ્હાલા તીર્થ માટે જેટલો બને તેટલો ભોગ આપવાની જરૂર છે. ભોગ પાષાણ હૃદયી મનુષ્યને પણ નમાવી શકે છે." બાદ ભાઇ મણીલાલ ખુશાલચંદ પરીખે જણાવ્યું કે "પૈસાથી આ કામ થાય તેમ જણાતું નથી. કઠીનમાં કઠીન પ્રશ્ન છે અને જો આટલેથી ડરી જઇશું તો કાંઇ થવાનું નથી. જો કે હું શારિરીક દૃષ્ટિએ કામ કરી શકું તેમ નથી છતાં તૈયાર છું; અને દરેક યુવકને અરજ કરૂં છું કે આપણે તૈયાર થવું જોઇએ. એટલામાં વચમાં એક અવાજ થયો કે **આપણા સાધુઓ શું કરે છે.** આ પ્રશ્ન પર જુદા જુદા પ્રતિનિધિઓ તરફથી ખુબ ઉહાપોહ થતાં આણંદજી કલ્યાણજીની પેઢીના બે ત્રણ પ્રતિનિધિઓએ ટુંકમાં પરિસ્થિતિ સમજાવતાં છેવટે પ્રમુખસ્થાનેથી સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ પાસ થયો હતો.

'આ સભા આગ્રહપૂર્વક શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ભલામણ કરે છે કે કેસરીયાજી પ્રકરણનો નિકાલ જલદીથી થાય એવા પ્રયત્નો કરે.'

ત્યારબાદ પ્રમુખશ્રીએ કહ્યું હતું કે આપણે ભાષણો કરવા એકત્રિત થયા ન્હોતા પણ રચનાત્મક દૃષ્ટિએ યુવાનો કેમ એકત્રિત થઇ કાર્ય કરી શકે તે અંગે નિર્ણય કરવા ભેગા થયા હતા; અનેક ચર્ચાઓ અને વિચારોના પરિણામે મહામંડળ સ્થાપી શકયા છીએ અને આ રીતે આપણા મહત્વના કામની શરૂઆત થાય છે. ભાષણો કરવા કરતાં આપણે યુવક મિત્રો સંગઠીત બળ એકત્ર કરી કાર્યમાં મંડી પડીએ અને તોજ ભેગા થયા એનું પરિણામ લાવ્યા ગણાશું. એથી તમે મારી પાસે વધુ વકતવ્યની આશા નહિ રાખતા કામે મંડી પડશો એમ હું ઇચ્છું છું.

**આભાર.**

શ્રી મહાસુખભાઇ ચુનીલાલે પ્રમુખશ્રીનો આભાર માનવાની દરખાસ્ત મુકતાં કહ્યું હતું કે કુનેહથી અને શાન્તિ પૂર્વક કામ લઇ આપણને વીતંડાવાદમાં ન ઉતરવા દેતાં સૌને છૂટથી સાંભળી આપણું કાર્ય નિર્વીઘ્ને પાર પાડયું છે; આશા છે કે ભવિષ્યમાં યુવાનોને તેઓશ્રી પૂરતો સાથ આપશે. બાદ રતિલાલ સી. કોઠારીએ એ દરખાસ્તને ટેકો આપતાં શ્રી વડોદરા જૈન યુવક સંઘનો આભાર માનવાનું ઉમેર્યું હતું.

**મુંબઈ જૈન યુવક સંઘનો આભાર.**

નાસીકવાળા માણેકલાલ એ. ભટેવરાએ કહ્યું હતું કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો આપણે ખાસ આભાર માનવો જોઇએ; કારણ કે તેઓએ પરિશ્રમ લઇ આપણ સૌને એકત્રિત કર્યા છે. અત્યાર સુધી આ સંઘે આપણા સમાજમાં ચૈતન્ય લાવવા ખુબ જહેમત ઉઠાવી છે, તે બદલ આપણે સૌ તેમના ખુબ ૠણી છીએ અને હું આભાર માનવાની દરખાસ્ત મુકું છું. તેને સુરતવાળા ડો. અમીચંદ છગનલાલે અનુમોદન આપતાં કહ્યું હતું કે મુંબઇ જૈન યુવક સંઘેજ આપણને અત્યાર સુધી જાગૃત રાખ્યા છે, અને બીજી આપણી યુવાન સંસ્થાઓને દોરવણી આપી છે. તેઓએ સમાજમાં પ્રોપેગેન્ડા દ્વારા ખુબ આંદોલન ખડું કર્યું છે. આજે પણ આપણને એકત્રીત કર્યા અને આપણે આ મહામંડળ સ્થાપી શકયા છીએ તે તેમનેજ આભારી છે.

ત્યાર બાદ શ્રી રતિલાલ ખંભાતવાળાએ અનુમોદન આપ્યું હતું અને પછી સૌ વીરપ્રભુનો જય બોલી વીસરજન થયા હતાં.

# સમાજ નૌકાને સ્થિર કરી પ્રગતિના પંથે ધપાવવાની મ્હેચ્છાએ જુદે જુદે સ્થળેથી ચુંટાયેલ પ્રતિનિધિઓની યાદી.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી | નેમચંદ ઉમેદચંદ વકીલ | અમદાવાદ |
| ૨ | ,, | લલ્લુભાઈ જે. ઘડીયાળી | ,, |
| ૩ | ,, | સમર્થમલ સીંઘી | સીરોહી |
| ૪ | ,, | તારાચંદ દોશી | ,, |
| ૫ | ,, | બી. પી. સીંઘી | ,, |
| ૬ x | ,, | ચુનીલાલ સુ. મ્હેતા | સાણંદ |
| ૭ | ,, | બાલાભાઈ અમરતલાલ | અમદાવાદ |
| ૮ x | ,, | સકરાભાઈ લલ્લુભાઈ | ,, |
| ૯ x | ,, | ઉમેદચંદ નેમચંદ શાહ | ભરૂચ |
| ૧૦ x | ,, | ધરમચંદ ત્રિભોવનદાસ શાહ | ,, |
| ૧૧ x | ,, | જાદવજી વીરજી દેસાઈ | મુંબઈ |
| ૧૨ x | ,, | દુર્લભદાસ ઝવેરચંદ શેઠ | સોનગઢ |
| ૧૩ x | ,, | મોહનલાલ પાનાચંદ | નવસારી |
| ૧૪ x | ,, | છગનલાલ દેવચંદ | ,, |
| ૧૫ x | ,, | ઠાકોરદાસ છગનલાલ શાહ | રાંદેર |
| ૧૬ x | ,, | નાથાભાઈ સોમચંદ શાહ | ,, |
| ૧૭ | ,, | રતીલાલ મોહનલાલ વકીલ | પાદરા |
| ૧૮ | ,, | બાપુલાલ મલુકચંદ શાહ | ,, |
| ૧૯ x | ,, | અમીચંદ છગનલાલ ડૉ. | સુરત |
| ૨૦ x | ,, | મણીલાલ એમ. શાહ | મુંબઈ |
| ૨૧ x | ,, | જમનાદાસ અમરચંદ ગાંધી | ,, |
| ૨૨ x | ,, | હરજીવન ગીરધરલાલ શાહ | ભાવનગર |
| ૨૩ x | ,, | અમરચંદ કુંવરજી શાહ | ,, |
| ૨૪ x | ,, | માણેકલાલ એ. ભટેવરા | નાશિક |
| ૨૫ | ,, | ભુલાખીદાસ અનોપચંદ શાહ | દેહગામ |
| ૨૬ | ,, | મણીલાલ ડાહ્યાલાલ | જુન્નેર |
| ૨૭ x | ,, | દીપચંદ પાનાચંદ માસ્તર | ખંભાત |
| ૨૮ x | ,, | ચીમનલાલ જેઠાલાલ શાહ | ,, |
| ૨૯ x | ,, | રતીલાલ બેચરદાસ શાહ | ,, |
| ૩૦ | ,, | નાગરદાસ મગનલાલ દોશી | ભાવનગર |
| ૩૧ | ,, | બળવંતરાય ગીરજાશંકર પાઠક | ,, |
| ૩૨ x | ,, | મુળચંદ આશારામ વૈરાટી | અમદાવાદ |
| ૩૩ x | ,, | કેશવલાલ હરખચંદ ઓસવાલ | નાસીક |
| ૩૪ x | ,, | લલ્લુભાઈ ઉદાભાઈ | મુંબઈ |
| ૩૫ | ,, | ધનરાજ ઝવેરચંદ પરમાર | સુરત |
| ૩૬ | ,, | ખીમચંદ ઝવેરચંદ વકીલ | ,, |
| ૩૭ x | ,, | લલ્લુભાઈ રણછોડભાઈ શેઠ | ,, |
| ૩૮ | ,, | હીરાચંદ જીવણજી | ,, |
| ૩૯ x | ,, | કેશવલાલ મંગળચંદ શાહ | પાટણ |
| ૪૦ x | ,, | મણીલાલ મગનચંદ શાહ | ,, |
| ૪૧ x | ,, | નાનુભાઈ મોતીલાલ | મુંબઈ |
| ૪૨ x | ,, | મણીલાલ ખુશાલચંદ પરીખ | પાલણપુર |
| ૪૩ | ,, | એલ. એમ. લાલન | મુંબઈ |
| ૪૪ | ,, | નાગરદાસ ગઢીઆ | ,, |
| ૪૫ | ,, | વીરજી પાલણ નાગડા | ,, |
| ૪૬ | ,, | જેઠાભાઈ વીરજી કારાણી | ,, |
| ૪૭ | ,, | ભાણચંદ અમરચંદ શાહ | ભાવનગર |
| ૪૮ x | ,, | મનસુખલાલ હીરાલાલ લાલન | જામનગર |
| ૪૯ x | ,, | મણીભાઈ જેમલભાઈ શેઠ | મુંબઈ |
| ૫૦ | ,, | મોહનલાલ દીપચંદ ચોકસી | ,, |
| ૫૧ x | ,, | રતિલાલ ભીખાભાઈ | ,, |
| ૫૨ x | ,, | મણીલાલ બાલાભાઈ નાણાવટી | વડોદરા |
| ૫૩ x | ,, | કલ્યાણચંદ કેશવલાલ ઝવેરી | ,, |
| ૫૪ x | ,, | ઉમાભાઈ લીલાભાઈ ઝવેરી | ,, |
| ૫૫ x | ,, | ચીમનલાલ ભાઈલાલ શેઠ | ,, |
| ૫૬ x | ,, | ઉત્તમચંદ નગીનદાસ ઝવેરી | ,, |
| ૫૭ x | ,, | મહાસુખભાઈ ચુનીલાલ | વીસનગર |
| ૫૮ x | ,, | ઉત્તમચંદ હરજીવનદાસ | ભાવનગર |
| ૫૯ x | ,, | અમીચંદ ખેમચંદ શાહ | મુંબઈ |
| ૬૦ x | ,, | રતિલાલ સી. કોઠારી | ,, |
| ૬૧ x | ,, | અંબાલાલ ચતુરભાઈ | પેટલાદ |
| ૬૨ x | ,, | હઠીચંદ વીરચંદ શેઠ | સુરત |

x આ નિશાનીના નામો સિવાયના જે ગૃહસ્થોના નામો છે તેઓ કેટલી ઘડીએ અણધાર્યા કામને લઈને આવી નહિ શકયા હોવાથી તેઓએ સંમતિના પત્રો અને સુચનાઓ મોકલી હતી.

( અનુ. પૃ..................૩૬૦ થી )

દાવો કરે છે કે તે તેમનું છે. ભોપાળની દિગમ્બર જૈન પંચાયતે તે સંબંધમાં તપાસ કમીશન નીમવાની ભલામણ કરી છે.

સ્વ. આ. વિજય ધર્મ સુરિજીની અગ્યારમી સંવત્સરી ઉજવાયાના હેવાલો વડોદરા, ભાવનગર, કલકત્તા મુંબઈ, પેથાપુર, દેહગામ, મહુવા, વગેરે જુદી જુદી જગ્યાએથી મળ્યા છે, અને એ બધા હેવાલો ઉપરથી જણાય છે કે ખુબ ઉત્સાહ અને ધામધુમ પૂર્વક દરેક સ્થળે સ્વ. સુરિજીને અંજલિ અર્પવામાં આવી હતી. અને તેઓશ્રીના ગુણાનુવાદ કરવામાં આવ્યા હતા.

**પાટણ**—વડોદરા રાજ્યના ધર્માધિકારી મે. નાડકરની સાહેબ તરફથી તા૦ ૩-૯-૩૩ ના રોજ બપોરના ત્રણ વાગે મુનિશ્રી પૂણ્યવિજયજીનું જૈન દર્શન એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન થયું હતું. મુનિશ્રીએ વિદ્વતા પૂર્વક સુંદર વિવેચન કર્યું હતું (એઓશ્રીનું વિસ્તારપૂર્વક ભાષણ ખુબ મોડું મળવાથી અમે છાપી શકયા નથી.)

**પાલણપુર**—કન્યા કેળવણી માટે માસીક વચનો દશ વર્ષ માટે લેવાનું શરૂ થયું છે પુરતા વચનો મળેથી આદર્શ કન્યાશાળા ખોલાશે. (૨) શ્વે. કોન્ફરન્સ ભરવા લગભગ નક્કી થએલ પણ ના. નવાબ સાહેબ યુરોપ જતા હોવાથી મુલતવી રહ્યું હતું. તેઓશ્રીએ એકાએક પ્રવાસ બંધ રાખ્યો છે. મંત્રણાઓ ચાલે છે. મુંબઈના આગેવાનોના નિર્ણય પર લગભગ અધિવેશન ભરવાનું અવલંબી રહ્યું છે. (૩) એક હરિજન ભાઈએ પર્યુષણમાં અઠ્ઠાઈ કરી હતી ઉપાશ્રયે વાસક્ષેપ નંખાવા આવતાં એક મુનિશ્રીએ દુરથી તેને વાસક્ષેપ નાખ્યો, એ ઉપરથી કેટલાક રૂઢીચુસ્તોએ નકામો ખળભળાટ કર્યો હતો.

# સહકાર આપી સંગઠન શક્ય બનાવો.

બંધુશ્રી,

આપ દરેકની એ માન્યતા હતી કે સંગઠન સિવાય આપણે પ્રગતિ કરી શકીશું નહિ; એ ભાવનાને અનુસરી વડોદરા મુકામે જુદા જુદા મંડળોના પ્રતિનિધિઓનું એક સંમેલન ભરવામાં આવેલું; અને તેમાં **શ્રી જૈન યુવક મહામંડળ** ની સ્થાપના થઇ છે તે આપ સૌ જાહેર પત્રો દ્વારા જાણી ચુક્યા હશો.

બંધુઓ! જે મહામંડળની સ્થાપના થઇ છે તેમાં નીચેની ચૌદ સંસ્થાઓ જોડાઇ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘ | મુંબઇ | ૮ | શ્રી જૈન સેવા મંડળ | ખંભાત |
| ૨ | શ્રી વડોદરા જૈન યુવક સંઘ | વડોદરા | ૯ | શ્રી ભરૂચ જૈન યુવક સંઘ | ભરૂચ |
| ૩ | શ્રી અમદાવાદ જૈન યુથલીગ | અમદાવાદ | ૧૦ | તરૂણ ભારત જૈન ક્લબ | મુંબઇ |
| ૪ | શ્રી પાટણ જૈન યુવક સંઘ | પાટણ | ૧૧ | શ્રી મહાવીર ચારિત્રાશ્રમ | સોનગઢ |
| ૫ | શ્રી મહારાષ્ટ્ર જૈન યુવક સંઘ | નાસિક | ૧૨ | શ્રી રત્નભક્તિ જૈન મંડળ | મુંબઇ |
| ૬ | શ્રી જૈન સ્વયંસેવક મંડળ | મુંબઇ | ૧૩ | શ્રી વીશાશ્રીમાળી જૈન યુવક મંડળ | મુંબઇ |
| ૭ | શ્રી જૈન યુવક મંડળ | ભાવનગર | ૧૪ | જૈન સત્ય પ્રચારક મંડળ | મુંબઇ |

મજકુર ચૌદ સંસ્થાઓમાંથી એક કામચલાઉ વર્કિંગ કમિટી નીમવામાં આવી છે, અને હાલ તેને જુદી જુદી સંસ્થાઓને મહામંડળના છત્ર નીચે એકત્ર કરવાનું, તેમ જ્યાં યુવાનોની સંસ્થાઓ ન હોય ત્યાં સ્થાપવાનું કામ હાથમાં લીધું છે આથી આપને વિજ્ઞપ્તિ કરવાની કે આપની સંસ્થા 'મહામંડળમાં' ન જોડાઇ હોય તો જોડવાનો નિર્ણય કરી નીચેના સરનામે જણાવવા મહેરબાની કરશો.

**મહામંડળના ઉદ્દેશો નીચે મુજબ છે.**

૧ જૈન સમાજનું શારીરિક તેમજ માનસીક બળ ખીલવવું, અને તે હેતુસર જુદા જુદા ઉપાયો યોજવા.
૨ સમાજમાં ખરાબ અને ખોટા રિવાજો હોય તે દુર કરવા.
૩ સ્ત્રી તેમજ પુરૂષ કેળવણી પ્રચાર માટે દરેક તરેહના ઉપાયો યોજવા.
૪ જૈન સમાજમાં ઐક્યતા અને સંગઠન થાય તેવા સતત્ પ્રયત્નો કરવા અને જ્યાં કુસંપ હોય ત્યાં ટાળવા પ્રયત્ન કરવો.
૫ જૈન સિદ્ધાન્તોનો પ્રચાર જૈન તેમજ જૈનેતર પ્રજામાં કરવો.
૬ સમાજ સેવા માટે ઉત્સુકતા અને તૈયારી રાખવી.
૭ હાલમાં જૈન કોમની જે સંસ્થાઓ હોય તેની સાથે સહકાર કરી ઉપરના કાર્યક્રમમાં મદદ કરતા રહેવું.
૮ સ્વદેશીના પ્રચાર માટે દરેક પ્રયત્નો કરવા.

આજે સમાજની સ્થિતિ છિન્ન ભિન્ન દશા ભોગવે છે તેમાંથી તેને ઉગારી લેવી હોય તો આપણે સમૂહ બળમાં એકત્ર થવાની જરૂર છે. મહામંડળના ઉદ્દેશો એટલા તો વિશાળ છે કે પ્રત્યેક યુવાન વિચારવાદી અને સામાજીક સેવા કરતા સાથે રહી કામ કરી શકે. જ્યાં સુધી આપણે છુટા તારોની પેઠે વિખરાયલ રહીશું ત્યાં સુધી આપણી શક્તિઓનો વેગ ધીરો રહેશે; આથી આપણી શક્તિઓના સમૂહને મહામંડળમાં એકત્ર કરશું તો જરૂર સુંદર પરિણામ લાવી શકીશું.

સમાજના અનેક સળગતા પ્રશ્નો ઉકેલ માંગે છે; તે દરેક પ્રશ્નોના ઉકેલ આપણે એક ઝંડા નીચે એકત્ર થઇશું તો જરૂર થોડે થોડે પણ કરી શકીશું; અમે ઇચ્છીએ છીએ કે આપ સત્વર આપની સંસ્થાને મહામંડળના સાથે જોડી દો અને સામાજીક ઉત્ક્રાન્તિના આ પ્રયાસને સફળ બનાવો.

C/o મુંબઇ જૈન યુવક સંઘ.
૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ,
મુંબઇ ૩.

મણીલાલ એમ. શાહ.
જમનાદાસ અમરચંદ ગાંધી.
મંત્રીઓ.

---

( અનુ. પૃ ................ ૩૫૧ થી )

બેકારને ઉત્તેજન નજ આપે. પણ નિરાશ્રિતો માટે તેને કંઇક કરવું જોઇએ.

**વિધવાઓનું સ્થાન.**

હવે આપણે સમાજમાં વિધવાઓના સ્થાન પર આવીએ. પતિ ગુજરી જતાં વિધવા તેના કુટુંબમાં બોજા રૂપ થઇ પડે છે. માબાપની મીલ્કતમાં તેનો ભાગ હોતો નથી, પુત્ર ન હોવાથી ધણીની મિલ્કત પર પણ તેનો હક્ક નથી, તે અપશુકનિયાળ મનાય છે, આમ તે હડધૂત થાય છે. તેની પાસે જે કાંઇ સ્ત્રી ધન હોય છે તે સાચવવાની કે તે ઠકથી રોકવાની તેનામાં તાકાત હોતી નથી; તેના જેઠ, દિયર કે ભાઇઓ તેની પાસે પણ લુંટી લેવાની, ઝડપી લેવાની, પચાવી લેવાની પેરવી કરે છે. તે પ્રમાણિક રીતે પોતાનું જીવન ગુજારી શકે તેવું વાતાવરણ પણ આપણી પાસે નથી. આટલાજ માટે આપણે વિધવાઓને સારી તાલીમ આપી પોતાના સ્ત્રી ધનનું રક્ષણ કરી શકે, પોતાના હક્કોની માવજત કરી શકે, કોઇ તેને હડધૂત ન કરી શકે, તેટલી કેળવણી આપવાની વ્યવસ્થા કરી શકીએ, આ ઉપરાંત વિધવાઓનો સહકાર સમાજિક કાર્યોમાં પણ લઇ શકાય. વિધવાઓ માટે વિધવાશ્રમ કાઢી ત્યાં પવિત્ર જીવન ગાળવાનું વાતાવરણ જમાવી શકાય અને વિધવાઓને ત્યાં રાખી સામાજિક પવિત્ર જીવન ગાળવાની અનુકુળતા કરી શકાય; નાનાં બાળકોની કેળવણીનું કે બાળકોની કામ તેમને સોંપી શકાય. કન્યાશ્રમોની વ્યવસ્થા તેમને સોંપી શકાય. આમ આપણે વિધવાને સમાજને બોજારૂપ થતી અટકાવી તેનો સાચો ઉપયોગ કરી શકીએ અને તેને પવિત્ર જીવન ગાળવાની અનુકુળતા કરી આપીએ. કામ એટલું સહેલું નથી; કરી શકાય તેવું છે. (ચાલુ.)

## અ......વ......ના......વા

પાટણ—પાટણમાં દીક્ષાના ઠરાવ અંગે સોસાયટી તરફથી કાંટાવાળા શ્રી જેઠાભાઈ, પ્રેમચંદ તથા શા. [illegible]માઈચાંદ દાભાભાઈએ સંઘ [illegible]ના ત્રીસ આગેવાનો ઉપર [illegible] ફરીયાદ અંગે ફરીયાદ પક્ષ તરફથી વડોદરા હાઈકોર્ટમાં કરવામાં આવેલી બે અપીલોને નામંજુર કરી આરોપી પક્ષ તરફથી પ્રાંત ન્યાયાધીશે આપેલા ચુકાદા વિરૂદ્ધ કરેલી અપીલ મંજુર કરી ત્રીસ આરોપીઓને હાઈકોર્ટના નામદાર ચીફ જસ્ટીસ [illegible] [illegible] [illegible] જણાવ્યું કે શ્રી [illegible]વિજયજીનો લેખ [illegible] આવેલ છે. અને સાગરજી ને [illegible] [illegible] વિરૂદ્ધમાં લેખો છપાયા છે. [illegible] વિજયવલ્લભસૂરીશ્વરજી, પ્રવર્તક શ્રી [illegible] મુનિ શ્રી હંસવિજયજી, સાગરજી અને [illegible] વિગેરે પાસે જઈ મુલાકાત આપી. કોઈ પણ [illegible] સુધી હું વચમાં નહિ પડું. [illegible] અમદાવાદના કસ્તુરભાઈ શેઠ આવવાના છે.



વડોદરા યુવક સમેલનમાં આવેલા જુદાં જુદા મંડળોના કેટલાક પ્રતિનિધિઓ ઉપરના ગ્રુપમાં નજરે પડે છે. મધ્યમાં ખુરશીપર સમેલનના પ્રમુખ શ્રી. મણીલાલ ખાલાભાઈ નાણાવટી દેખાય છે. જેઓ જૈન કોમના જાણીતા આગેવાન છે; અને વડોદરા રાજ્યમાં ૧૯૦૪ માં સ્ટેટીસ્ટીકલ ખાતાના પ્રોબેશર તરીકે જોડાઇ આપ બળે આગળ વધતાં વધતાં જુદા જુદા હોદાઓ ભોગવી હાલ સરસુબાના જવાબદાર આસને બિરાજે છે.

અને મે. મોતીભાઈ દેસાઈ સાહેબની બેંચે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ તા૦ ૧-૯-૨૮ ના રોજ આપ્યો છે.

**ભાવનગર-સાધુ સમેલનની મંત્રણા**—અત્રે તા૦ ૬ ઠી ના રોજ આ. શ્રી વિજયનેમિસૂરિ પાસે અમદાવાદથી પ્રતાપ શેઠ આ. ક. ની કમીટીના સભ્યો, પાટણથી શેઠ નગીનદાસ, મુંબઈથી શેઠ જીવતલાલ પ્રતાપસી શ્રી પોપટલાલ ધારશી, ખુડારીવાલા ઝવેરચંદ પનાજી વિગેરે ગૃહસ્થો આવેલ છે. તેઓએ સમેલન કરવાની મંત્રણા તા૦ ૭ મી ના રોજ

(૨) શ્રી વિદ્યાવિજયજીનો "જન્મ વાંચન" નાં દિવસે નાળીયેર વધેરાય કે? નો લેખ જૈન પત્રમાં છાપવા માટે કહેવાય છે કે શે. દેવચંદ દામજીને સંઘ બહાર કરવાના પ્રયત્નો થયા. પરંતુ એ શખ્શ કોઈ અગમ્ય કારણે હાથ તો પડતું મુકવું પડ્યું છે.

**ભોપાળ**—તા૦ ૫ મી શ્વે. જૈનોએ એવો દાવો કર્યો છે કે રૂપભદેવનું દેવળ તેમનું પોતાનું છે. પરંતુ દિગમ્બરો એવો

( અનુ..................૩૫૮ )

આ પત્ર મનસુખલાલ હીરાલાલ લાલને જૈન ભાસ્કરોદય પ્રિન્ટીંગ પ્રેસ, ધનજી સ્ટ્રીટ, મુંબઈ નં. ૩ માં છાપ્યું છે. અને ગોકળદાસ મગનલાલ શાહે 'જૈન યુવક સંઘ' માટે ૨૬-૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩, માંથી પ્રગટ કર્યું છે.